હવેલી તાલુકા

અને

પુના જીલ્લાની ભૂગોલ

બીજા તથા ત્રીજા ધોરણ માટે

ગુજરાતી શાળાઓ માટે

લેખક અને પ્રકાશક
મિચંદ અમુલખદાસ શાહ.
નં. ૧૯૨૮ પુના કેમ્પ બલંડલ રોડ.

આવૃત્તિ પહેલી.

વીર સં. ૨૪૫૬—સને ૧૯૩૦

કિંમત ૭ આના.

પ્રસ્તાવના

સદર પુસ્તક ગુજરાતી બીજા અને ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે લખેલું છે. શિક્ષણપત્રના અનુમાનથી જોઇતી ઉપયોગી માહિતી આ પુસ્તકમાં લખેલી છે. ગુજરાતીમાં બીજા તથા ત્રીજા ધોરણ માટે એક બે ભૂગોલો લખાણી છે. તે ભૂગોલો કરતા સદર ભૂગોલમાં સરળ વધુ માહિતી તેમજ જરૂર જેવા બલૉક છપાવ્યા છે. તેથી વિદ્યાર્થીઓને સારી માહિતી થાય, નાના છોકરાઓને જીવનમાં રસ પડે, દુનીઆમાં કેમ રહેવું એ ખબર પડે. જાણવા જેવી વસ્તુઓ માટે તેમની ઉત્કંઠા આગળ વધે, દુનીઆમાં જાણવા શીખવાનું બહુ છે. તેવું ભાન તેઓને થાય ત્યારેજ દરેક વિષયની સાર્થકતા કહેવાય. મરાઠી ભાષામાં આ દિશા તરફ અનેક પ્રયાસો થયાં છે. અને તે સફળ નીવડ્યા છે. ગુજરાતીમાં પણ કંઇક આ વિષયને લગતુ વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે તેવું પુસ્તક છાપવાનો વિચાર થવાથી આ પહેલ પહેલા પગલુ ભર્યું છે. આશા છે કે, શિક્ષકો વિદ્યાર્થીઓના આદરને પાત્ર કરસે. તો હું મારો શ્રમ સફળ થયો, ગણીશ. આ પુસ્તકમાં જે જે વખતે સલાહ પુછી તે વખતે પુ. કે. એ. સો. ગુજરાથી પ્રાથમિક સ્કુલના હેડમાસ્તર મોહનલાલ સી. ઓઝા એવણને યોગ્ય સુચના આપી તેમનો તથા તથા આ પુસ્તક તયાર કરવા માટે આ વિષયોના સર્વ પુસ્તકોનો ઉપયોગ થયો છે. માટે તે કર્તાઓના આભારી છું.

નોટ—સમયના અભાવે વધારે ચિત્રો તથા નકશા દાખલ કરી શકયા નથી. આ પુસ્તકને લગતી વધારે સુચના આપવાની હોય તે પ્રભુ કૃપાથી બીજી આવૃતીમાં સુધારો વધારો કરી છપાવી શુજી.

પુના કેમ્પ
વીર સંવત ૨૪૫૬ સને ૧૯૩૦

પી. અમુલખદાસ શાહા.

વેર્લા તાલુકો તથા ુના જલ્લાની


ભૂગોલ ભા. ૧ લો.



જે બાજુ સુરજ ઉગે છે તેને પૂર્વ દિશા કહે છે.

જે બાજુ સુરજ આથમે છે તેને શ્ચિમ દિશા કહે છે.

આપણે પુર્વ દિશા તરફ મોઢું કરીને ઉભા રહીએ તો આપણી મણી બાજુ તે દક્ષિણ દિશા અને ડાભા હાથની બાજુ તે ઉત્તર શા કહેવાય છે.



દિશાઓ મુખ્ય ચાર છેઃ પુર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ અને આ ચાર દિશાની બાજુમાં ચાર ખુણાઓ બતાવ્યા છે. ઈશાન, વાયવ્ય, નૈઋત્ય અને અગ્નિ.

ભૂગોળ એટલે (ભૂ = પૃથ્વી અને ગોળ એટલે ગોળો) પૃથ્વીના ગોળા સંબંધી જેમાં લખ્યું હોય તે ભૂગોળ કહેવાય છે.

પૃથ્વીનો આકાર ગોળ નારંગી જેવો છે.

નકશામાં ઉત્તર દિશા નકશાને મથાળે હોય છે. અને દક્ષિણ

દિશા નકશાના નીચલા ભાગમાં હોય છે. પુર્વ દિશા જમણા હાથ તરફ અને પશ્ચિમ દિશા ડાબા હાથ તરફ હોય છે.

ઉત્તર અને પુર્વ દિશા વચ્ચેનો ખુણો ઈશાન કોણ કહેવાય છે. ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખુણો વાયવ્ય કોણ કહેવાય છે. દક્ષિણ અને પુર્વ દિશા વચ્ચેનો ખુણો અગ્નિ કોણ કહેવાય છે. દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખુણો નૈઋત્ય કોણ કહેવાય છે.

વ્યાખ્યાઓ.

૧ પૃથ્વીના કોઈ પણ ભાગના (ગામ શહેર, નદી વગેરેનો) કાગળપર કાઢેલા ચિત્રને નકશો કહે છે.

૨ હાથથી બનાવેલા માટીના મકાનને ઝુંપડું કહે છે.

૩ ચુના, ઇંટ વગેરેથી ચણેલાં મકાનને ઘર કહે છે.

૪ બે કે તેથી વધુ માળવાળા, અને ઘણી ઓરડીઓવાળાં મોટાં મકાનને માળો કહે છે.

૫ જ્યાં ઘણા ઘરની સંખ્યા હોય, વસ્તી પણ વધુ હોય, મોટી મોટી દુકાનો હોય, અને પાકા રસ્તાઓ બાંધેલા હોય, તેને શહેર કહે છે.

૬ જ્યાં છુટાં છવાયાં થોડાં ઘરો હોય અને વસ્તી પણ થોડી હોય તેને ગામડું કહે છે.

૭ ગામડા કરતાં જેમાં વધુ ઘરો હોય, વસ્તી પણ વધુ હોય તેને કસ્બો કહે છે.

૮ જેમાં ઘરોની સામસામી હારની હાર આવેલી હોય, જેમાં વસ્તી પણ ઘણી હોય તેને મહોલ્લો કહે છે. સુરતમાં શેરી, અમદાવાદમાં પોળ અને મુંબઈમાં ગલ્લી કહેવાય છે.

૯ વ્યવસ્થા માટે શહેરના કરેલા મુખ્ય ભાગને વૉર્ડ કે વિભાગ કહે છે. અને પુનામાં પેઠ કહેવાય છે.

૧૦ ઘણા તાલુકા મળી કરેલા વિભાગને જીલ્લો કહે છે.

૧૧ જેમાં ઘણા જીલ્લાઓ આવેલા હોય એવા મોટા જથાને પ્રાન્ત કહે છે.

૧૨ શહેર સુધારા માટે કરેલા ખાતાને મ્યુનિસિપાલિટી કહે છે જેનો કારભાર શહેરની પ્રજાએ ચૂંટી કાઢેલું મંડળ ચલાવે છે.

૧૩ ઘણા ગામોના કરેલા જથ્થાને તાલુકો કહે છે.

૧૪ ઘણા પ્રાન્તો મળી જે એક ભાગ બને છે તેને ઈલાકો કહે છે.

૧૫ ઘણા ઈલાકા મળી દેશ બને છે.

૧૬ જેમાં ઘણા દેશો, નદીઓ, પર્વતો કે સરોવરો આવેલાં હોય તેવા પૃથ્વીના મોટા ભાગને ખંડ કહે છે. એવા પૃથ્વીનાં પાંચ ખંડ છેઃ—એશિયા, યુરોપ, આફ્રિકા, અમોરકા અને ઑસ્ટ્રેલિઆ.

૧૭ ખંડના મોટા ભાગને ગોલાર્ધ કહે છે. એવા પૃથ્વીના બે ગોલાર્ધ બનેલા છે. ૧ પુર્વ ગોલાર્ધ અને ૨-પશ્ચિમગોલાર્ધ.

૧૮ એકસરખી સપાટ જમીનના મોટા ભાગને મેદાન કહે છે.

૧૯ બે કે તેથી વધુ જોડાએલા ઉંચા ડુંગરને પર્વત કહે છે.

૨૦ પર્વતના એકદમ સીધા ઉંચા ભાગને શિખર કહે છે.

૨૧ જમીનના ઉંચા ભાગને ટેકરી કહે છે.

૨૨ જમીન ઉપર આવેલા એવા મોટા ટેકરીને ડુંગર કહે છે.

૨૩ શહેર કે કિલ્લાની ચોતરફ શત્રુના બચાવ માટે પત્થર કે ઇંટ વડે ચણેલી ભીંતને કોટ કહે છે.

૨૪ રાજના બચાવ માટે શહેર કે ડુંગર ઉપર પત્થરની મોટી દિવાલ ચણેલી હોય તથા લશ્કર, દારૂગોળો વગેરે રાખવા ઉંચા મજબુત બાંધેલા સ્થળને કિલ્લો કહે છે.

૨૫ બે પર્વતો વચ્ચેની સાંકડી ઉંડી જમીનને ખીણ કહે છે.

૨૬ પર્વત કે ડુંગરમાંથી જવા આવવા બનાવેલા રસ્તાને ઘાટ કહે છે.

૨૭ આગગાડીના આવ જા માટે ડુંગરને કોરી કરેલા રસ્તાને બોગદું કે ભોંયરૂ કહે છે.

૨૮ જે પર્વતમાંથી ધુમાડા, રાખ અને બળતા પદાર્થોનો ગરમ રસ નીકળે છે, તેવો પર્વત જ્વાળામુખી કહેવાય છે.

૨૯ જમીનના જે ભાગ ઉપર પાસેપાસે ઘણાં ઝાડો આવી રહેલા હોય તેને જંગલ કે વન કહે છે.

૩૦ ખારા કે મીઠા પાણીના એવા મોટા તળાવને સરોવર કહે છે.

૩૧ ચારે બાજુ જમીન અને વચ્ચે પાણી હોય તેને તળાવ કહે છે.

૩૨ પાણીનો પ્રવાહ એકદમ ઉંચેથી પડતો હોય તેને ધોધ કહે છે.

૩૩ ખારા પાણીના મોટા ભાગને સમુદ્ર કે દરિયો કહે છે.

૩૪ (મહાસાગર = મોટો દરિયો) પૃથ્વી ઉપર આવેલા ખારા પાણીના મોટા જથ્થાને મહાસાગર કહે છે. એવા પૃથ્વીમાં પાંચ મહાસાગર છેઃ પાસિફિક, હિન્દી, આટલાંટિક, ઉત્તર–મહાસાગર અને દક્ષિણ–મહાસાગર.

૩૫ નદી જ્યાંથી નીકળે તેને મૂળ કહે છે.

૩૬ ડુંગર કે સરોવરમાંથી મીઠા પાણીનો રેલો ઢળતી જગ્યાએ વહી સમુદ્રને મળે છે તેને નદી કહે છે.

૩૭ બે નદીઓ એક બીજીને જે ઠેકાણે મળે છે તેને સંગમ કહે છે.

૩૮ બે નદીની વચ્ચેના પ્રદેશને દોઆબ કહે છે.

૩૯ નદી કે સરોવરને કાંઠે માણુસોને નાહવા ધોવા કે પાણી ભરવા બાંધેલાં પગથીઆંને ઘાટ કે *ઓવારો કહે છે.

૪૦ સૂર્ય કે ચંદ્રના આકર્ષણથી દરિયાનું પાણી વારાફરતી ચઢે છે તેને ભરતી કહે છે. અને ઉતરે તેને ઓટ કહે છે.

૪૧ દરિયાનું પાણી ભરતી વખતે અંદર આવે એવાં નદીનાં પહોળા મુખને ખાડી કહે છે.

૪૨ લાંબા અને પહોળા અખાતને ઉપસાગર કહે છે.

૪૩ સમુદ્રનો ફાંટો જમીનમાં ગયો હોય તેને અખાત કહે છે.

૪૪ નદી કે સમુદ્રકાંઠે આવેલાં શહેરમાં વહાણુ કે આગબોટ-માંથી માલ ચઢ ઉતર થતો હોય તેને બંદર કહે છે.

૪૫ નદી, ખાડી કે અખાતનાં પાણી વહેતી વખતે જમીનને ખોદી નાખે છે તેને કિનારો કહે છે.

૪૬ સમુદ્રની અંદર ખડક હોય છે, અંધારામાં વહાણો અને આગબોટો અથડાય નહિ, તેને માટે એક ઉંચો થાંભલો કરી તેમાં ફરતો દીવો રાખે છે, તેને દીવાદાંડી કહે છે.

૪૭ વહાણુ કે આગબોટમાં બંદર ઉપર માલ ચઢાવવા કે ઉતારવા લાકડા કે પત્થરથી બાંધેલા ઠેકાણાને ડકકો કહે છે.

૪૮ જમીનની ચારે બાજુ પાણી હોય તેને દ્વીપ કે બેટ કહે છે.

૪૯ વહાણોમાંથી ઉતારેલો અને ચઢાવવાનો માલ જે જગાએ રાખવામાં આવે છે, તેને ગોદી કહે છે.

૫૦ જે બંદરમાં વહાણુ કે આગબોટ સહીસલામત રહી શકતાં હોય તેને બારૂં કહે છે. મુંબઈ બારૂં (બંદર) કહેવાય.

૫૧ પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને સામુદ્રધુનિ કહે છે.

---

* આરો અથવા ઉતારો પણુ કહે છે.

પર જમીનના બે મોટા ભાગને સાંધનારા જમીનના નાના ભાગને સંયોગીભૂમિ કહે છે.

પ૩ જમીનની અણીલાંબી થઇ સમુદ્રમાં ગઇ હોય તેને ભૂશિર કહે છે.

પ૪ જમીનની ત્રણ બાજુ પાણી હોય અને એક બાજુ જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે.

પપ જે મકાનમાં બેસીને ન્યાયાધીશો ન્યાય ચુકવે છે તે સ્થળને કોર્ટ કહે છે.

પ૬ રેતીથી ભરપુર મોટા મેદાનમાં વનસ્પતિ થતી ન હોય કે માણસો રહેતાં ન હોય તેને રણ કહે છે.

પ૭ દેશ, પરદેશના કાગળો, તારો, રૂપીઆ વગેરે પહોંચાડવાનું કામ કરનારી ઓફીસને પોષ્ટ ઓફીસ કહે છે.

પ૮ જેમાં સંખ્યાબંધ દરદીઓને મફત દવા આપી સારવાર કરવામાં આવે છે તેને હૉસ્પિટલ કહે છે.

પ૯ અનાથ કે વટેમાર્ગુઓને આસરો આપવા બાંધેલા મકાનને ધર્મશાળા કહે છે.


૬૦ જ્યાં સરકાર તરફથી સિક્કા પાડવામાં આવે છે તે ઠેકાણાને ટંકશાળ કહે છે.

૬૧ પશુઓને માટે ધર્માદા ખોરાક આપવાની તથા રાખવાની જગ્યાને પાંજરાપોળ કહે છે.

૬૨ જે મકાનમાં ચોરી મારામારી, ખૂન, લુચ્ચાઈ વગેરે કરનાર માણસને પુરી રાખવામાં આવે છે તેને જેલ કહે છે.

૬૩ જે સ્ટેશન આગળ આગગાડીના બે કે તેથી વધારે રેલ્વેના ફાંટાઓ આવી મળતા હોય તેને જંકશન કહે છે.

૬૪ જે જગ્યાએ આગગાડી ઉભી રહેતી હોય અને માણસો કે માલ ચઢ ઉતર થતો હોય તેને સ્ટેશન કહે છે.



હવેલી તાલુકાની રાજ્ય-વ્યવસ્થા.

ગાંમ કામદાર અને તેમના કામો.

"ગાંમના સર્વ કામો બરોબર ચલાવવા માટે દરેક ગાંમની અંદર પટેલ, તલાટી અને પોલીસ એવા કામદારો રહે છે.

પટેલ આ ગામની અંદર મુખ્ય કામદાર હોય છે. ગામમાં ગુન્હો થયો હોય તો મોઠા અધિકારીને ખબર આપવી, સરકારી પટ્ટી વસુલ કરીને મામલેદાર પાસે મોકલવી. ગાંમની વ્યવસ્થા જોવી અને ચોખ્ખાઈ રખાવવી વીગેરે કામો કરવા પડે છે.

તલાટી આ કલાર્ક (કારકુન) હોઈને ગાંમનો હીસાબ અને સરકારી કાગળપત્રો લખવા વીગેરે કામો તલાટી પાસે હોય છે.

પોલીસ ગામની અંદર તંટાબખેડા ન થવા દેવા, અને ગુન્હેગારોને પકડીને ફોજદાર તરફ મોકલે છે.

તાલુકાના કામદારો

ઘણા ન્હાના ગાંમડાઓ મળીને એક તાલુકો થાય છે.

દરેક ગાંમની માફક તાલુકાના કામો સરળ ચાલીને રૈયતાને સુખ થાય માટે સરકારે અમલદારો નેમેલા હોય છે.

મામલતદાર— મામલતદારની કચેરી તાલુકાના મુખ્ય ગાંમમાં હોય છે. તાલુકાનું મહેસુલ જમા કરવું તેને સંભાળવું તેનો હિસાબ રાખવો તથા માજીસ્ટ્રેટ માફક ગુન્હાની ચોકસી કરવી વીગેરે તેમના મુખ્ય કામ હોય છે.

મુનસફ—લેણું દેણું તથા સ્થાવર જંગમ મીલકતના ખટલાનો નીકાલ કરે છે. અને મહાલકરી, ગાંમની અંદર વસુલ તથા ન્હાના ન્હાના ગુન્હાઓનો નીકાલ કરે છે.

ફોજદાર—આ અધિકારી તાલુકાની પોલીસનો ઉપરી હોય છે અને તાલુકામાં ચોરી, ખુન, મારામારી, લુટફાટ વીગેરે કરનાર ગુન્હેગારને પકડીને મામલતદાર પાસે મોકલાવી આપે છે. તેના હાથ નીચે જમાદાર, હવાલદાર, નાયક અને સીપાઇ વીગેરે અધિકારીઓ હોય છે.

સબરજીસ્ટ્રર—લોકોએ કરેલા દસ્તાવેજો (લેખ) સરકારી કાયદાએ નોંધી લે છે.

પોસ્ટમાસ્તર—ટપાલમાંથી આવેલા કાગળો મનીઆર્ડર વેલ્યુપેબલ, પાર્સલ વીગેરે પોસ્ટમેન પાસેથી જેના તેના પહોંચાડે છે. અને બહારગાંમ જનારા કાગળો વીગેરે મોકલી દે છે.

ફૉરેસ્ટ રેંજર—સરકારી જંગલોની વ્યવસ્થા રાખે છે.

દેવી ડૉકટર—ગાંમે ગાંમ ફરીને ન્હાના બચ્ચાઓને દેવી (શીતળા) કાઢે છે. (દેવી ટોંચવ્યાથી આગળ-દેવી (શીતળા) નો ભય રહેતો નથી.

ડૉકટર—તાલુકાના સરકારી દવાખાનામાંથી ગરીબોને મફત દવા આપે છે.

ઇજીનીયર—તાલુકાના બાંધકામ ખાતાના ઉપરી હોય છે. તેમને ઇમારતો, ધર્મશાળા, નિશાળ, જાહેર રસ્તા વગેરે બંધાવવા અગર સુધારવા વીગેરે કામ કરાવવાના હોય છે.

આ સિવાય અબકારી ઇન્સ્પેકટર ડેપ્યુટી ઇન્સ્પેકટર વીગેરે અધિકારીઓ હોય છે.

ટીપ—સરકારે સ્કુલખાતું લોકલબોર્ડના તાબામાં આપ્યુ છે. અને દરેક જીલ્હામાં સ્કુલબોર્ડ ચેઅરમન એજ્યુકેશનલ એ. ઓફીસર આ લોકલબોર્ડના મુખ્ય અધિકારીઓ ગણાય છે.

હવેલી તાલુકાનું વર્ણન.

ઉત્તરે--માવળ, ખેડ, શિરૂર (ઘોડનદી) એ તાલુકા છે.

દક્ષિણે—પુરંધર તાલુકો તથા પંતસચીવનો મુલક.

પૂર્વે—ભીમથડી તાલુકો.

પશ્ચિમે--કુલાબા જીલ્લો તથા ભોરના પંતસચીવનો સંસ્થાન. આ તાલુકો મોટો હોવાથી એક પેટા ભાગ પાડેલો છે. તેને મુળશી પેટા ક્હે છે. મુળશી પેટા તથા તાલુકો મળી ક્ષેત્રફળ સવા આઠસો (૮૨૫) ચોરસ માઈલ છે. એકંદર હવેલી તાલુકાની લોકસંખ્યા આસરે ૩૨૭૫૫ માણસોની છે. આ તાલુકામાં બસો બેતાળીસ (૨૪૨) ગાંમ છે, તેમાં મુખ્ય વસ્તી હીંદુની અને મુખ્ય ભાષા મરાઠી છે.

હવેલી તાલુકામાં વરસાદ સારો પડે છે. તેથી બાજરી, ઘહું, ચણા, જુવાર, ડાંગર (ભાત), મરચાં વીગેરે પાકે છે. અને મુઠા નદીનો કાલવો આ તાલુકામાં હોવાથી શેલડી, કેળા, મગફળી, રતાળા, બટાટા, કાંદા, લસણ, પાન, પેરૂ વીગેરે સારી પેદાસ થાય છે. સદર તાલુકામાં ખેતીશિવાય વેપાર, વિણકામ, નોકરી વીગેરે ધંધાઓ છે: પુના એ આ તાલુકાનું મુખ્ય શહેર છે.

મોટા ગાંમ પુના, લશ્કર, ખડકી, ભાંબુર્ડા, મુંઢવા, વાનવડી, હુડપસર, ઘોરપડી, લોણી કાળભોર, ઉરલી, ડોણજા, શિવાપુર, વાઘોલી, ચરોલી, કાત્રજ, દેહુ, લોણીકંદ બહુલી, ફુલગાંમ ખડકવાસલા, થેઉર અને મુળશીપેટા પૌડ, ઘોટવડે, આવળસ, ભોરકસ શેડાણી, શેરે, શહાપુર વીગેરે.

પર્વત--મુળસી પેટાની ઉત્તર દિશા તરફથી એક ડુંગરની હાર મુળસી પેટા-મહાલથી સીંહગઢ સુધી આવેલી છે. તથા પશ્ચિમે સહ્યાદ્રિ પર્વત છે.

નદીઓ--ભીમા, ઇન્દ્રાયણી, મુળા, મુઠા, પવના અને શીવગંગા આ તાલુકામાં છે.

ભીમાનદી--ભીમશંકરના ઘાટમાંથી નીકળી ખેડ તાલુકાની ઉત્તર તરફ વહે છે. તેના કાંઠે તુલાપુર અને સાંગવી ગાંમો છે.

ઇંદ્રાયણી નદી--લોણાવળાથી કુરવંડાના ઘાટમાંથી ઉગમણી જઇ આ તાલુકાની ઉત્તર તરફ વહીને ભીમાને મળે છે. તેના કાંઠે દેહુ, ચિખલી, ચરોલી, નીરગુડે, તુળાપુર વીગેરે ગાંમ છે.

શીવગંગા—આ તાલુકામાં સીંહગઢ પાસેથી નીકળી દક્ષિણ તરફ વહીને ગુંજવણીને મળે છે. તેના કાંઠે શિવાપુર છે.

મુળા-મુઠા--મુળા સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળે છે. મુઠા ભોર સંસ્થાનમાથી નીકળીને પુનાની ઉત્તરે તેનો સંગમ થાય છે. ત્યાંથી ભીમથડી તાલુકામાં જાય છે. તેના કાંઠે પુના, એરવડા, મુંઢવા, થેઉર અષ્ટાપુર વીગેરે ગાંમો છે.

પવના—માવળ તાલુકામાંથી નીકળી ઉગમણી તરફ વહી આ તાલુકામાં મુળાને મળે છે. તેને કાંઠે ચીંચવડ રાવેત, પુનવળે, વિગેરે ગામો આવેલા છે.

રેલ્વેના રસ્તા.

ધી ગ્રેટ ઇંડીયન પેનિનસુલા (જી. આઇ. પી.) રેલ્વે મુંબાઇ (બોરીબંદર) પાસેથી નીકળી કલ્યાંણ, લોનાવળા, તળેગાંમ, ખડકી, પુના, હડપસર, લોણી, ઉરલી, દોંડ વીગેરે સ્ટેસનપરથી શોલાપુર જાય છે.

મદ્રાસ અને સદર્ન મરાઠા (એમ. એસ. એમ.) રેલ્વે પુનાથી નીકળી પુના, ઘોરપડી, સાસવડરોડ, કુરસંગી, લોણંદ, વાઠાર, એવા સ્ટેશન ઉપરથી સાતારા, બેલગાંમ તરફ જાય છે.

પત્થરના પક્કા રસ્તા.

ઘોડાગાડી, મોટાર તથા બળદગાડીને જવા આવવાને સહેલું થાય માટે પત્થરના રસ્તા બાંધેલા છે.

પુના-પનવેલ રસ્તો--આ રસ્તો પુના, ખડકી, વડગાંમ આગળ થઇ પનવેલી સુધી જાય છે.

પુના-શોલાપુર રસ્તો--પુના, હડપસર, ઉરળી આગળ થઈ ભીમથડી તાલુકામાંથી સોલાપુર તરફ જાય છે.

પુના-સાતારા રસ્તો--પુનાથી નીકળી કાત્રજ, ખેડ, શિવાપુર આગળ થઈ સાતારા તરફ જાય છે.

પુના-અહમદનગર રસ્તો—પુનાથી નીકળી એરવડા, વાઘોલી, લોણી-કંદ આગળ થઈ શિરૂર. (ઘોડનદી) તાલુકામાંથી અહમદનગર તરફ જાય છે.

પુના-નાશિક રસ્તો—આ રસ્તો પુના, ખડકી, ચાકણ, ખેડ વીગેરે ગાંમ આગળ થઇ નાશિક તરફ જાય છે.

આ મુખ્ય રસ્તાઓ છે. સીવાય પુના-જુન્નર, પુના-આળંદી, પુના-સાસવડ, પુના-સીંહગઢ, પુના-મુળસી, પુના-ભોર, પુના-પાંચગની, મહાબળેશ્વર વીગેરે બેલ ગાડીના રસ્તા છે. સદર રસ્તાથી મોટર-કાર તથા ટેકસીઓની રાહદારી ઘણા લાંબે સુધી ચાલું છે. તેનાથી લોકોને મોટરની મુસાફરીથી થોડા વખતમાં કામ જલદીથી થાય છે. અને વેપાર ધંધામાં ઉપયોગી થઇ પડે છે.

મોટર સ્ટેન્ડ—બુધવાર ચોક, શનવાર વાડો અને ખડક ઉપર છે. ત્યાં બહાર ગાંમ જવાની ટેકસીઓ તૈયાર હોય છે.

કીલ્લા—સિંહગઢ તથા ભવરાપુર એવા બે કિલ્લા છે. તેમાં સિંહગઢ કીલ્લાનું પ્રથમનું નામ કોંઢાણા હતું. આ મુસલમાનો પાસે હતું. છત્રપતી શિવાજી મહારાજાએ પોતાના સરદાર તાનાજી અને સૂર્યાજી ને મોકલીને આ કિલ્લો સર કર્યો પણ તે લઢાઈમાં તાનાજી માર્યો ગયો તેથી (ગડ આલા પણ સિંહ ગેલા) એમ મહારાજે કહયું તે પછી કીલ્લાનું નામ સિંહગઢ એવું નામ પડયું. આ કિલ્લા ઉપર હવાપાણી સરસ હોવાથી શ્રીમંત લોકોએ ત્યાં બંગલાઓ બાંધેલા છે. અને ઉન્હાળામાં ત્યાં હવાને માટે જાય છે.

ઘાટ--કાત્રજનો ઘાટ પુનાની દક્ષિણે કાત્રજ પાસે આવેલો છે.

બોગદુ—(ટનલ) સદર્ન મરાઠા રેલ્વે, કુરસંગી તથા આળંદી-ચોરની આ બે સ્ટેશન વચ્ચે બે મોટા બોગદાઓ આગગાડી જવામાટે કરેલા છે.

નહેર--સરકારે ખેતીના લાભ માટે મુઠા નદીની બે નેહરો કાઢેલી છે.

૧ પુના, હડપસર, કુરસંગી વીગેરે ગાંમ ઉપર થઇ પાટસ સુધી ગઇ છે.

૨ કોથરૂડ તથા ખડકી તરફથી જાય છે.

ખડકવાસલા તથા કાત્રજના તલાવનું પાણી પુનામાં પીવા માટે આવે છે.

ધર્મશાળા—પુના. ભાંબુરડા, મોસી, કેવળા, નીગડી, ચરોલી, સાંગવી, વાઘોલી, નાયગાંમ, કોંઢવા, ખડકી, આળંદી ચોરની, આગળંબે, ખડકવાસલા, કોંઢનપુર. ખેડ, શિવાપુર, મુળસી પેટા, હિસળી પીપરી વીગેરે ઠેકાણે વટે માર્ગુને ઉતરવા સારૂ ધર્મશાળોઓ કરેલી છે.

બજાર--મોટા ગાંમ પુના, ભાંબુરડે, કુલગાંમ, ઉરલી, લોણી-કાળભોર, ખેડ, શિવાપુર, (મુળસી પેટામાં) પૌડ, ઘોટવડે, ભોરકસ, શેડાણી વીગેરે ગાંમોમાં દર અઠવાડીએ બજાર ભરાય છે.

પુનામાં જુની મંડઈમાં બુધવાર તથા રવીવારે આઠવાડીયામાં બે વખતે બજાર ભરાય છે.

પ્રખ્યાત ઠેકાણા.

પુના હવેલી તાલુકાનું મોટું શહેર છે. પહેલાં પેશવા સરકારની રાજધાની હતી હવે અહીંઆ સરકારી પલટણ (રેજીમેન્ટ) રહે છે. પુનાની હવા સારી હોવાને લીધે શ્રીમંત લોકો સીઝનમાં હવા ખાવા આવે છે. અને ઘોડા દોડવાની (રેસ) સીઝનમાં ચાલે છે.

ગણેશખીંડ—ગવર્નર સાહેબનો બંગલો જોવા લાયક છે.

પર્વતી—શંકરનુ પ્રખ્યાત તીર્થ સ્થાન.

ભાંબુરડા—ઢોરનો બજાર ભરાય છે.

ખડકી--સરકારી મીલટરી (ફોજ) અને બંદુકનો દારૂ બનાવવાનું સરકારી (આરસનલ) કારખાનું છે.

વાનવડી--સરકારી ફોજ, સરદાર મહાદજી શીંદેની સમાધિ અને તેના ઉપર બાંધેલું (છત્રી) નામનુ સુંદર મકાન.

યેરવડા—સરકારી તુરંગ, રીફૉર્મેટરી સ્કુલ. ચોરી વીગેરેના ગુન્હેગાર છોકરાઓને સદર સ્કુલમાં દાખલ કરી શિક્ષણ આપે છે, અને હુન્નર શિખવે છે.

ચરહોલી—ખાવાના પાન વખણાય છે.

તુળાપુર—શીવાજી રાજાએ પોતાના વજન બરાબર સુવર્ણ તોલી ધર્માદા કર્યું હતું.

દેહુ—વીઠોબાના ભકત તુકારામ બુવાની સમાધી છે.

આળંદી ચોરની--દાડમ તથા અંજીરના બાગો છે.

લોણી કાળભોર--ગોળ વીગેરેનો મોટો વેપાર છે.

ખડકવાસલા--તલાવ (સરકારી ધરણ) અહીંઆનું પાણી નળમાંથી શહેરમાં આવે છે.

કાત્રજ--પ્રખ્યાત તળાવ છે.

મુંઢવા--કાગળની મીલ, સાકર, દારૂ તથા બરફના કારખાના છે.

સિંહગઢ--જોવા લાયક કિલ્લો છે.

પૌડ—મુળશી પેટાનું મુખ્ય શહેર અને ભાતનો વેપાર છે.

માંજરી--સરકારી ખેતીવાડીનું ફાર્મ છે.

ભોરકસ--દર અઠવાડીએ બજાર ભરાય છે.

ઘોટવડે--અંબામોહર ચોખાનો વેપાર છે.

કોંઢણપુર--દેવીનું સ્થાન. જાત્રા ભરાય છે.

હીંગણે બુદરૂક--કર્વેનું અનાથ બાલીકાશ્રમ છે.

ઘોરપડી--એમ્પ્રેસ ગાર્ડન, સરકારી ફોજ, રીસાલો છે.

થેઉર--ગણુપતીનું સ્થાન, માધવરાવ પેશવાનું મૃત્યુ, પેશવા માધવરાવની પત્ની રમાબાઈસાહેબે નદીસુધી સડક તથા ઘાટ બંધાવ્યો છે.

પાષાણુ--શ્રી શંકરનુ પ્રખ્યાત દેવસ્થાન, મહાશિવરાત્રીએ મોટી જાત્રા ભરાય છે.

વિઠલવાડી--શ્રી વીઠોબાનું પ્રખ્યાત મંદિર છે.

ચિંચવડ—મોરયા ગોસાઈની સમાધી છે.

બાણેર--બોર વખણાય છે.

ખેડ-શિવાપુર--બંગડીનુ કારખાનું. શિવાપુરમાં સારી કેરીઓ પાકે છે. અને (મેળો) ભરાય છે.

પુના શહેરનું વર્ણન.

પુના આસરે ચારસો વર્ષ પહેલા મુસલમાની અમલમા પુના એ ન્હાનુ ગાંમડુ હતું. માલોજી રાજા ભોંસલે (છત્રપતી શિવાજી રાજાના) દાદાને મુસલમાનો પાસેથી પુના પ્રાંત નજરાનામાં મળ્યો ત્યારે તે મરાઠાઓ પાસે આવ્યુ પછે પેશવા પાસે મરાઠી રાજ્યની મુખત્યારી આવ્યા પછે તેમને પુના એજ રાજધાની કરી અને અહીં આજ રાજ્યકારભાર ચાલવા લાગ્યો તેથી આઠ પ્રધાનોએ રહેવા માટે મોઠા વાડાંઓ બંધાવ્યા તેથી શહેરમાં વસ્તી, વેપાર, વિદ્યા, કળા, કૌશલ્યને વધારો થવા લાગ્યો અને ઘણી પેઠો, વસી, પેશવા રાજ્ય પછી અંગ્રેજી રાજ્ય દાખલ થયુ. હાલમાં પુના જીલ્લાનું મુખ્ય ગાંમ છે. પુના શહેરની વસ્તી ૧.૯૫૫૨૫ લોક સંખ્યા છે.

પીસ્તાર--ક્ષેત્રફળ, દસ ચૌરસ માઈલ છે.

આકાર—ખેતરના હળના માફક છે.

ભાષા—મરાઠી, ગુજરાથી, ઊરદુ મુખ્ય છે ઘણા ખરા ખાતામાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ થાય છે.

હવામાન અને વરસાદ સારા છે.

પુના શહરની દુરૂસ્તી કરવાનો તથા આરોગ્યતા રખાવવી, દીવાબત્તીની લાઈટ, સડક ઉપર પુરી પાડવી આગ બુઝવવાની વીગેરે ફરજો પુના સીટી મ્યુનિસિપાલિટી, કયાન્ટોનમેન્ટ બોર્ડ તથા સબરબન મ્યુનિસિપલ કમેટીઓને અધિકાર હોય છે.

ઉદ્યોગધંદો—કપડાની મીલ તેમજ સુતરાઉ તથા રેશમી લુગડાએ વણાટ તથા તાંબા પીતળના વાસણ બનાવવાની ગીરની છે. તેમજ વાસણ બનાવવાના ઘરગુતી કારખાના છે. બાર પેઠ તથા સાત વાર મળી ૧૯ પેઠો કહેવાય છે. તેમજ પુના કેમ્પ પણ ઘણી સ્ટ્રીટો તથા રોડ (રસ્તાઓ) છે. અને શિક્ષણ ખાતાની સ્કુલો, કૉલેજો, કન્યાશાળાઓ વીગેરે ઘણા છે. તેથી મહારાષ્ટ્રનુ કેંદ્રસ્થાન ગણાય છે. (વધુ માહિતી આ ચોપડીની અંદર બીજા ભાગમાં છે. તે શિક્ષકોએ વિદ્યાર્થીઓ પાસેથી વચાવવી.)

હવેલી તાલુકાના પ્રશ્નો સમુદાય.

દિશાઓ મુખ્ય કેટલી તે કહો.
ઉપદિશાઓ કેટલી.
નકશાની દિશાઓ ગણાવો.
પર્વત, ડુંગર, બેટ, નદી, અને સંગમની વ્યાખ્યા કહી બતાવો.
નાના બચ્ચાઓને માતા કાઢવાનું શું કારણ.
મ્યુનિસિપલ કમેટી એટલે શું તે કમેટી શું કામ કરે છે.
કેન્ટોનમેન્ટ બોર્ડ એટલે શું તેના કામો શું તે કહી બતાવો.
સ્ટેશન કોને કહેવાય.
પોસ્ટમાસ્તર અને સબરજીસ્ટારના કામો શું તે કહો.

હવેલી તાલુકાના મોટા ગાંમ કેવા તે કહો.
નળનુ પાણી કયાંથી આવે છે ?
ગાંમડામાં અને શહેરમા ફરક શું તે બતાવો.
ઇંદ્રાયણી અને મુળામુઠાના કાંઠેના ગાંમના નામ કહો.
પુના શહેરમાં દેવસ્થાનો કયાં તે કહો.
મોટરના સ્ટેંન્ડ કયાં કયાં છે તે કહો.
ઘોરપડીમાં સરકારી શું છે ?
ગણેશખીંડમાં કયો બંગલો જોવા લાયક છે ?
બંદરની વ્યાખ્યા કહો.
દીવા દાંડી કોને કહે ?

પુના જીલ્લાની ભૂગોળ

ભાગ ૨ જો.

પુના શહેરનું સામાન્ય વર્ણન—ઉત્તરે મુરબાડ તથા કરજત, અકોલા, સંગમનેર, કરમાળો. પારનેર આ તાલુકાઓ છે.

પૂર્વે—અહમદનગર, સોલાપુર જીલ્લાઓ તથા શ્રીગોંદા તાલુકો છે.

દક્ષિણે—સાતારા જીલો, વાઈ તથા માળશીરસ તાલુકો તથા ફલટન સંસ્થાન છે.

પશ્ચિમે—કરજત માણગાંમ, મહાડ વીગેરે તાલુકાઓ છે. તથા ભોર (પંતસચીવ) નો સંસ્થાન છે. આ જીલ્લાની પૂર્વ, પશ્ચિમ લાંબી સુમારે ૧૩૧ માઇલ છે. તથા દક્ષિણ તરફ પહોળી આસરે ૯૦ માઇલ છે. આ જીલ્લાનું ક્ષેત્રફળ આસરે ૫૩૫૧ ચોરસ માઈલ છે.

પુના જીલ્લામાં આંઠ, તાલુકા અને ત્રણ પેટાઓ છે તેના નાંમઃ-

જુન્નર, ખેડ, માવળ, શિરૂર, હુવેલી, પુરંદર, ભીમથડી અને ઈંદાપુર, તથા આંબેગાંમ, મુળસી અને દૌંડ પેટા ગણાય છે.

પુના જીલ્લાની સામાન્ય માહિતી.

પુના જીલ્લાની દક્ષિણ પટી તથા પુર્વ, પશ્ચિમ એવા બે ભાગ છે. દક્ષિણ પટીની લંબાઇ આસરે ૮૦ માઇલ છે તથા પહોળી ૪૦ માઈલ છે. પૂર્વ, પશ્ચિમની લંબાઇ આસરે ૯૦ માઇલ છે તથા પહોળી આસરે ૫૦ માઈલ છે. દક્ષિણ પટીના પશ્ચિમે સહ્યાદ્રિ

પર્વતની ઓળ લાંબે ગએલી છે તેથી પશ્ચિમ તરફનો દેશ ડુંગરવાળો કહેવાય છે. અને ઉંચો ભાગ છે તેને માવળ કહે છે. માવળમાં વરસાદ ઘણો આવે છે અને હવા ઘણીજ ઠંડી રહે છે. પૂર્વે અને પશ્ચિમે ડુંગર ઘણા ન હોવાથી તેની ઉત્તરે ભીમાનદી તથા દક્ષિણે નીરા નદી એવી બે નદીઓ વહે છે. ત્યાં દેશ સપાટ છે, તેથી વરસાદ થોડો પડે છે તેથી ત્યાંની હવા ગરમ છે.

પર્વત--પુના જીલ્લાની પશ્ચિમે તથા દક્ષિણે સહ્યાદ્રિ પર્વતની હાર છે. આ જીલ્લામાંજ તેની લાંબી આસરે ૮૦ મૈલ છે, તે ડુંગરમાથી કોંકણમાં જવાનો રસ્તો છે તેને ઘાટ કહે છે. ખંડાળાના ઘાટ પાસે નાણાનો ઘાટ, બોર ઘાટ તથા જુન્નર પાસે માળશિરસ તથા નાણે ઘાટ એ પ્રખ્યાત છે. તથા સહ્યાદ્રી પર્વતનો ફાટો છે આ જીલ્લાની પૂર્વ તરફ લાંબો ગયો છે.

નદીઓ—આ જીલ્લામાં મોટામાં મોટી નદી ભીમા આ સહ્યાદ્રીના ભીમાશંકર નામના સિખર પાસેથી નીકળે છે, અને ખેડ તાલુકાના મધ્ય ભાગમાંથી વહીને આગળ હવેલી, શીરૂર, ભીમથડી અને ઇંદાપુર આ તાલુકાના સરહદપરથી સોલાપુર જીલ્લામાં જાય છે. એને જમણી બાજુથી ભીમા, ઇંદ્રાયણી, મુળામુઠા, નીરા અને ડાબી બાજુથી વેલ અને ઘોડ આ નદીઓ મળે છે. એટલે પુના જીલ્હામાં બધું પાણી આ નદીના દ્વારે ભીમાનદીને આવીને મળે છે. તેના કાંઠે ભીમાસંકર, વાડા, ચાસ, ખેડ, દૌંડ, પળસદેવ અને નરસીંગપુર આ મુખ્ય ગાંમ છે. ચાસ, ખેડ, શેલપિંપળગાંમ, કુલગાંમ અને દૌંડ વીગેરે ઠેકાણે આ નદીને લોકોના ઉપયોગ માટે ઘાટ બાંધેલા છે. કુલગાંમનો ઘાટ બીજા બાજીરાવ પેશવાએ બંધાવેલો છે. ખેડ, કોરેગાંમ ભીમા અને ડીકસાળ આ ઠેકાણે આ નદીપર મોટા પુલ બાંધેલો છે. ભીમાશંકર અને નરસિંગપુર એ આ નદીના કાંઠે મોઠા ક્ષેત્રો (તીર્થ) છે. આની કાંઠેની જમીન ઘણીખરી સુપીક છે.

આ જીલ્લાની મુખ્ય નદીઓ ૧૩ છે તેના નામઃ—

૧ ભીમા, ૨ ભામા, ૩ વેલા, ૪ ઇંદ્રાયણી, ૫ ઘોડનદી, ૬ કુકડી, ૭ મીના, ૮ મુળામુઠા, ૯ પવના, ૧૦ નીરા, ૧૧ કરા, ૧૨ શિવગંગા, ૧૩ પુષ્પાવતી. ઘણી-ખરી ભીમાને મળવાથી પુના જીલ્લામાં ભીમા નદીનો ધબધબો મોટો ચાલે છે.

૨ ભામા ખેડ તાલુકામાં અગ્નિ દિશામાં વહીને પીંપળગાંમ પાસે ભીમાને મળે છે.

૩ ઇંદ્રાયણી નદી--એ લોનાવળાની નૈઋત્ય દીશાના ડુંગરમાંથી નીકળી ઉગમણી પાસે માવળ તાલુકામાં વહીને હવેલી અને ખેડ તાલુકામાં અનુક્રમે ઉત્તર તથા દક્ષિણ તરફ તુળાપુર પાસે ભીમાને મળે છે. તેના કાંઠે ઇંદુરી, દેહુ, ચરોલી, આળંદી એ ગાંમ છે.

૪ વેળા નદી—ખેડ તાલુકામાંથી ધાકળી પાસે અગ્નિ દિશામાં ખેડ તથા શીરૂર તાલુકામાં વહીને સાંગવી પાસે ભીમાને મળે છે. તેના કાંઠે પેઠ, વાફગાંમ, શિકરાપુર તળેગાંમ ઢમઢેરેએ ગાંમતરફ વહે છે.

૫ ઘોડનદી--આ ખેડ, તાલુકામાં આહુપે ગાંમ પાસે નીકળી શિરૂર તાલુકાની સરહદપરથી વહેતી ગણેગાંમ પાસે ભીમાને મળે છે. ઘોડનદીની કાંઠે આંબેગાંમ, ઘોડે, ચાસનરોડ, વડગાંમ, કળેમ્બ, ચાંડોલી, નાંદુર, નિગુડસર, શિરૂર વીગેરે ગાંમ છે. કુકડી અને મીના તેને મળે છે. એનીપર ઘોડનદી ગાંમે મોટો પુલ બાંધેલો છે.

૬ મીના નદી—એ જુન્નર તાલુકામાં હતલીજ ગાંમ પાસે ઘોડનદીને મળે છે. મીનાના કાંઠે ગાંમો નીરગુડે, સાવરગાંમ, આરવી, નારાયણગાંમ, ખેડ, દહટરાજની આવેલાં છે.

૭ કુકડી નદી—એ જુશર તાલુકામાં નાણેઘાટ પાસેથી નીકળી જુન્નર તથા શિરૂર તાલુકાની અગ્નિ કોણે વહે છે તે ડોંગર

ગાંમ પાસે ઘોડનદીને મળે છે. કુકડીના કાંઠે જુન્નર, ઓતુર, પિંપળવંડી, કાદણી, પારગાંમ વીગેરે છે.

૮ મુળા મુઠા નદી—આ મુળા તથા મુઠા આ બે નદીઓ મળીને થઈ છે. તેમાંથી મુળા નદી હવેલી તાલુકામાં શાહાપુરમા પશ્ચિમ સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળીને તાલુકામાં પુર્વ તરફ પુનાની ઉત્તરે મુઠાને મળે છે. તેના કાંઠે ગાંમ મુળશી શેડાણી, શેરો, પૌડ, ઐાંધ, ખડકી વીગેરે છે.

મુઠા નદી--ભોર, સંસ્થાનમાં સહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભોર સંસ્થાન તથા હવેલી તાલુકામાં વહી ઈશાનમાં જઈ પુના પાસે તેનો સંગમ થયો છે. ત્યાંથી મુળામુઠા નામથી વહે છે. રાંજનગાંમ, સાંડસ આ ગાંમ પાસે ભીમાને મળે છે. મુઠાનદીનો ખડકવાસલા ગાંમ પાસે મોટો મજબુત બંધારો બાંધીને તેના પાણીનો એક મોટો તલાવ તઈયાર કર્યો છે; અને તે તલાવમાંથી બે મોટી પાણીની નેહેર કાઢીને હવેલી તાલુકામાં ખેતીનો સુધારો કર્યો છે; તેથી ફળફળાદી નો પાક સારો થાય છે.

૯ પવનાનદી--માવળ તાલુકામાં પાસે ઉગમણી બાજુ વહી માવળ તાલુકામાં વહે છે. હવેલી તાલુકામાં દાપોલી પાસે મુળાને મળે છે. તેના કાંઠે ચિંચવડ છે.

૧૦ નીરા નદી--ભોર સંસ્થાનમાં ઉગમણી પાસે વહીને પુરંધર, ભીમથડી અને ઇંદાપુર તાલુકાની દક્ષિણ સીમાએ થઈને નરસિંહપુર પાસે ભીમાને મળે છે. એને શીવગંગા અને કરા આ બે નદીઓ મળે છે. એના પાણીનો ઉપયોગ ખેતીવાડીને ઘણો થાય છે. વીરગાંમ પાસે એનું મોટું ધરણ બાંધીને એક તળાવ તૈયાર કર્યું છે. તેવુંજ નિરાનદીને મળનારી વેલવંડી નદીને ભોર સંસ્થાનમાં ભાટઘર ગાંમ પાસે બાંધ ઘાલીને એક મોટું તળાવ તૈયાર કર્યું છે. તેનું પાણી વીરના તળાવમાં લાવ્યો છે. આ પાણીની નેહેર ભી-

મથડી તાલુકાના બધો દક્ષિણ ભાગ અને ઇંદાપુર તાલુકામાં નિમગાંમ, કેતકી સુધી દક્ષિણ ભાગમાં બાગબગીચા, ફળફળાદી જણસો તૈયાર કરવામાં મદદ કરે છે.

૧૧ કરા નદી-પુરંધર તાલુકામાં બાબદેવ ઘાટમાં ઉત્તર તરફ થઈને અગ્નિ દિશામાં વહીને ભીમથડી તાલુકામાં સોનગાંમ પાસે નીરાને મળે છે. તેને કાંઠે સાસવડ, મોરગાંમ તથા બારામતી ગાંમો છે.

૧૨ શિવગંગા નદી—સિંહગઢ પાસે ઉગમણી તથા ઉત્તર તરફ વહીને ગુંજવણીને મળે છે. તેના કાંઠે શિવાપુર અને નસરાપુર વીગેરે ગાંમ છે.

૧૩ પુષ્પાવતી નદી-માળશેજ ઘાટ પાસે ઉગમણી તરફ મઢનેરના ખોરામાંથી પીંપળગાંમ તથા ઉદાપુર પાસે વહીને જુન્નરની પૂર્વે એડગાંમ પાસે કુકડીને મળે છે. એનો ડાબી બાજુએ માંડવી ઉર્ફે પુષ્પાવતી નદીને મળે છે.

નોટ—આ જીલ્લામાં ઘણી ખરી નદીઓ સહ્યાદ્રિ પર્વતમાંથી ઉગમની તરફ વહીને છેવટે ભીમાનદીને મળે છે. આ જીલ્લામાં ભિમાનુ ખોરૂ કહીએતો શોભે.

પુના જીલ્લાની નેહેરો તથા તળાવો.

આ જીલ્લામાં બે મોટી નેહેરો છે. મુઠાનદીની અને બીજી નીરાની એક પુનાની પશ્ચિમે સત્તર માઈલ. ખડકવાસલા ને તેની જમણી બાજુએ અહીં મુઠા નદી બાંધીને એક મોટું તળાવ પંદર માઈલ લાંબુ અને એક માઈલ પહોળું આવેલું છે. તેમાંથી બે નેહેરો કાઢેલી છે. એક નાંદેડ, કોથરૂડ, પુના આ ગાંમપરથી ખડકી સુધી લઈ ગયા.

છે. બીજું ધાયરી, પર્વતી, હડપસર, લોણી, એવત આ ગાંમ ઉપરથી પાટસ સુધીનાં નહેરે છે. તેની લંબાઈ ૬૦॥ માઈલ છે. આ નહેરોનું કામ સને ૧૮૧૯ માં પુરૂં થયું, તથા ૯૩૫૫૦૦ રૂપીઆ આસરે ખરચ થઓ.

(૨) નીરા નદીની નહેર--પુરંધર તાલુકામાં વીરવાડી પાસે નીરા નદીનો પકો નાળો બાંધીને એક મોટું તળાવ કર્યું છે. અને પશ્ચિમે વીસ માઈલ ભોર સંસ્થાનમાં વેલવડી નદીને પકકો નાળો બાંધી મોટું તળાવ કર્યું છે. આ બે તળાવમાંથી પાણી લેવા સારૂ નીરા નદીની ડાબી બાજુ નહેર કાઢીને તે વડગાંમ નહેરાલે, પણદરે, માલેગાંમ, બારામતી, શેલગાંમ, સણસર, લાસુર્ણે, ગોંતુર્ડી, નીમગાંમ કેતકી, આ ગાંમો પાસેથી ઇંદાપુરસુધી બાંધેલી છે. તેની લંબાઈ ૧૦૩ માઈલ છે. એ કામ સને ૧૮૮૪ માં પુરૂં થયું. તેનો આસરે બેતાળીસ લાખ રૂપીઆ ખરચ થઓ.

ઉપર લખેલી બે તથા બીજી છ મળીને પુના જીલ્હામાં આંઠ નહાની મોટી નેહરો છે. કાસુર્ડીના તળાવની નેહેરની લાંબી આસરે બે માઈલ છે. મોટોબા તળાવની નહેર એની લાંબી ૧૭ માઈલ છે. મુઠા નદીના નહેરનું પાણી ચોમાશામાં આ તળાવમાં નાખી તેને ભરી મુકે છે. આ નહેરનું પાણી પીંપળગાંમ, દેલવડી, ખુટબાવ વીગેરે ગાંમોને મળે છે. શિરસૂફળ તળાવની નહેર. એની લાંબી આસરે છ માઈલ છે. એના પાર્ણીથી મળદ, રાવણગાંમ વીગેરે ગાંમની જમીન ભીંજાય છે. ભાદલવાડો તળાવની નહેર. એની લાંબી સુમારે દસ માઈલ છે. તેના પાણીથી કુંભારગાંમ, ડાળજ, પળસદેવ વીગેરે ગાંમની જમીન ભીંજાય છે. શેટફળ હવેલી તળાવની નહેર. આ તળાવને ચોમાસામાં નીરા નદીના નહેરના પાણીથી ભરી મુકે છે. આ નહેરની લાંબી આસરે ૬ માઈલ છે. તેના પાણીથી શેટફળ અને બાવડે આ ગાંમની જમીન ભીંજાય છે.

કાત્રેજના તળાવનું પાણી પીવામાં સારૂ હોવાથી તે નળથી પુનામાં જગે જગ હોજમાં દાખલ કર્યું છે. તે પ્રમાણે ખડક-

વાસલાના ધરણનું પાણી નળોથી પુના શહેરમાં તથા પુના કેંમ્પમાં વાનવરી, ઘોરપડી વીગેરે ઠેકાણે પાણી નળથી મળે છે. અને પાષાણ-ના તળાવનું પાણી એવીજ રીતે ગવ્હર્નરસાહેબના બંગલામાં અને ખડકી ભાગમાં નળોથી આવે છે.

પાક--પુના જીલ્હામાં ચોખા, બાજરી અને જુવારી આ ત્રણ મુખ્ય પાક છે. શિવાય કાંદા, બટાટા, મરચાં, ફળ-ફળાવળ અને ભાજીપાલો અને પુર્વ ભાગમાં ઘઉ; ચણા, સેલડી, મગફળી, કરડી, કપાસ, ફળ-ફળાવળ, ભાજીપાલો પાકે છે.

પુના જીલ્હાનું સામાન્ય વર્ણન.

પુના જીલ્લાની લોકસંખ્યા આસરે ૧૦,૩૦૦૦૦ દસ લાખ ને ત્રીસ હજારની છે. મુખ્ય ભાષા મરાઠી, ગુજરાતી અને મુસલમાની છે.

હીંદુ	૯૨૭૦૦૦	જૈન	૧૧૦૦૦
મુસલમાન	૫૧૦૦૦	પારસી	૨૫૦૦
ખ્રીસ્તી	૧૬૦૦૦	યહુદી, સીક વીગેરે	૫૦૦૦

જીલ્લાના લોકોમાં ખેડુત અને કારીગીર આ બે વર્ગોના લોકો-ની સંખ્યા ઘણીજ વધારે છે. આ બે વર્ગોમાં શિક્ષણ ઘણું ઓછું હોવાને લીધે, ખરાબ સ્થિતીમાં આવેલા છે. માટે શિક્ષણ આપ-વાની જરૂર છે.

જીલ્હામાં મુખ્ય અધિકારીઓ.

જીલ્હામાં સર્વે અધિકારીઓ ઉપર મુખ્ય અધિકારી કલેકટર છે કલેકટર સાહેબના હાથ નીચે ૧ પર્સનલ અસિસ્ટંટ, ૧ અસિસ્ટંટ કલેકટર અને ૧ ડેપ્યુટી કલેકટર એવા ત્રણ અધિકારીઓ છે. તે શિવાય હુજુર ડેપ્યુટી કલેકટર ખજાનાનું કામ જોવા માટે એક ચોથા અધિકારી હોય છે. એઓની સલ્લાથી કલેકટરસાહેબ જીલ્લાનું કામ જુએ છે. જીલ્લાના મુખ્ય જવાબદાર અધિકારી કલેકટર સાહેબ કહેવાય છે.

જીલ્હામાં સર્વ મુનસબ અથવા સબજજજ તેના ઉપર અધિકારી ડીસ્ટ્રીકટ જડજ હોય છે. સર્વે પ્રકારોની લેવડ દેવડ અને સ્થાવર અને જંગમ મિળકત એ સંબંધના ખટલાઓ અને ચોરી ખુન, ધાડુ (દરોડા) એવા મોટમોટા ફોજદારી ગુન્હાનો નિકાલ કરવાનું કામ જીલ્હા જડજ સાહેબ પાસે થાય છે.

જીલ્હામાં સર્વે પોલીસ ઉપર અધિકારી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ હોય છે.

જીલ્લામાં બંદોબસ્ત રાખવો ગુન્હેગારોને માજીસ્ટ્રેટ સામે હાજર કરવા આ કામ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ જુવે છે. એઓના હાથ નીચે અસિસ્ટંટ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ, ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ અને પોલીસ ઇન્સ્પેકટર એવા અધિકારીઓ હોય છે.

નિશાળ ખાતું—આ ખાતાં ઉપર મુખ્ય અધિકારી ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેક્ટર છે તેનું કામ જીલ્હામાં સર્વે પ્રાથમોક શિક્ષણોની નિશાળોમાં છોકરાઓ અને છોકરીઓની પરીક્ષા લેવી તે નિશાળની દેખરેખ રાખવી વીગેરે છે.

જંગલ ખાતું—સરકારી જંગલોનું રક્ષણ કરવું, નવા ઝાડો, રોપવા વીગેરે જંગલ ખાતાના મુખ્ય અધિકારીને સબ-ડિવ્હિજનલ ફૅારેસ્ટ ઑફીસર કહેવાય છે.


વૈદક ખાતું—પુના શહેરમાં સાસૂન હૅાસ્પિટલ છે. હૅાસ્પિતાળમાં રોગી માણસોને રાખીને તેને દવા આપે છે. આ હૅાસ્પિતાળમાં મુખ્ય ડૅાકટરને સિવ્હિલ સર્જન કહે છે. જીલ્લામાં મોટા ગાંમોમાં જે સરકારી દવાખાના હોય છે, તે પર સિવ્હિલ સર્જન સાહેબની દેખરેખ હોય છે.

આરોગ્ય ખાતું—જીલ્લાના લોકોમાં આરોગ્ય જાળવવા માટે દેવી કઢાવવા. પીવાનું પાણી ચોખ્ખું રહે એવી તજવીજ કરવી. સડેલા ભાજીપાલા, ફળ-ફળાવળ, સડેલુ માંસ, મચ્છી વેચવા ન દેવું

વીગેરે બંદોબસ્ત રાખવાનું કામ સૅનિટરી ઇન્સ્પેક્ટર સાહેબનું ગણાય છે.

પબ્લીક વર્કસ-એટલે સાર્વજનિક કામોનું ખાતું પાકી સડકો, પુલ, સરકારી બીલ્ડીંગ વીગેરે કામો કરવાં અને તેની દુરૂસ્તી રાખીને તેના ઉપર દેખરેખ રાખવી એ કામો આ ખાતાને સોંપેલું છે. આ ખાતાંના મુખ્ય અધિકારીને એક્ઝિક્યુટિવ્હ ઇંજીનીયર કહે છે.

મ્યુનિસિપાલિટી-- સરકારી નોકરીમાં ન હોય એવા શિખેલા અને ઉત્સાહી લોકોને શિક્ષણ, આરોગ્ય વીગેરે બાબત માટે સાર્વ-જનિક ઉપયોગી કામો કરવાનો માહવરો થવા અને અનુભવ થવા માટે આ જીલ્લામાં પુના સીટી, કેન્ટોનમેન્ટ, સબર્બન, જુન્નર, ઘોડ-નદી, લોનોલી, આળંદી (દેવની), બારામતી, જેજુરી, ઇંદાપુર વીગેરે ઠેકાણે મ્યુનિસિપાલિટીઓ સ્થાપવામાં આવેલી છે.



મ્યુનિસિપાલિટીનું કામ—પ્રાથમિક શિક્ષણોની નીશાળ ચલાવવી, દવાખાનું ઘાલીને લોકોને દવા આપવાની વ્યવસ્થા કરવી, પીવા માટે ચોખ્ખું પાણી મળવાની દેખરેખ રાખવી. રસ્તા સાફ રખાવવા, રાત્રે દીવા બત્તી કરાવવી. ગાંમમાંનુ મેલુંપાણી, ગંદકી, દુર લઈ જવાની વ્યવસ્થા કરીને ગાંમ સ્વચ્છ રાખવું. બચ્ચાઓને માતા કઢાવવા. અને ગાંમમા મૅલેરીયા વીગેરે રોગો ફેલાય તો તે ઉપર યોગ્ય બંદોબસ્ત કરવો વીગેરે.

મ્યુનિસિપાલિટીનો કારભાર ચલાવવા સારૂ એક કમિટી હોય છે. આ કમિટીમાં જે મેંબર હોય છે તેમાંથી ઘણા ખરા મેંબર્સ ગાંમમાં ટેકસ (કર) આપવાવાળા લોકો આપણા તરફથી દરેક વાર્ડમાંથી નીવડીને આપે છે. બાકીના મેમ્બર સરકાર તરફથી નીમાય છે. આ કમિટીના કારભાર ઉપર સરકારની દેખરેખ હોય છે.

લોકલબોર્ડ—શહેરમાં મ્યુનિસિપાલિટી જેવી રીતે કામ કરે છે તેવીજ રીતે તેવા કામો ગાંમડામાં લોકલબોર્ડ કરે છે.

હવેલી તાલુકાનું અને પુના જીલ્લાનું મુખ્ય શહેર પુના મુંબઈ ઇલાખામાં લોકસંખ્યાના પ્રમાણમાં પુનાનો નંબર ચોથો ગણાય છે. પુના શહેરની લોકસંખ્યા આસરે બે લાખ ગણાય છે.

વસ્તી નીચેપ્રમાણે પોણાબે લાખ છે.

પુના શહેર મ્યુનિસિપાલિટી	૧૨૧૫૦૦
પુના સબરબન	૧૦૨૦૦
પુના કેન્ટોનમેન્ટ	૩૮૩૦૦
ઘોરપડી, વાનવડી, ખડકી કેન્ટોનમેન્ટ	૧૨૭૫૧
આસરે	૧૮૨૭૫૧

પુના એ પેશવા સરકારની રાજધાનીનું ચઢીઆતુ શહેર ગણાતું હતું. લોકરીતિ રચના વીગેરે સારી છે.

હવાપાણી સારા છે તેથી ચોમાસામાં રમણીય હોય છે. અહીંયા શિક્ષણ સંસ્થાઓ ઘણી છે અને સરકારી 'કોરટો, ઑફીસો વીગેરે ઘણી છે. અને ગવર્નર સાહેબનો મુકામ ચોમાસામાં અહીંયા હોય છે અને લેજીસ્લેટીવ કૌન્સીલ (ધારાસભા) તે ટાઈમે અહીંયા ભરાય છે. અહીંયા મ્હોટા અધિકારીઓ, શ્રીમાન, વ્યાપારી, જહાગીરદાર, કામદાર વીગેરે ઘણા માણસો વસે છે તેથી શહેર રમણીય દેખાય છે.

શનવાર વાડો—આ રાજવાડો બાજીરાવના વખતમાં બંધાવવાનું કામ શરૂ કરયું અને તેમના ચીરંજીવ નાનાશાહેબ પેશવાએ તે કામ પુરૂં કર્યું. આ વાડાને છ માળ (મજલા) હતા. છેવટના મજલેથી શ્રી ક્ષેત્ર આળંદી દેખાતી હતી એવું કહે છે. આ રાજવાડામાં જાત-જાતના ચોક હતા અને મોટા હૉલ હતા. ચોકમાં કમળના આકારના કુંવારા ઘણા હતા. આ રાજવાડો ઘણો જોવા લાયક હતો. આ વાડો આસરે ૯૦ વરસ અગાઉ આગથી બળી ગયો. હાલ શનવારવાડાનો બહારનો ભાગ દેખાય છે. તેનો મુખ્ય દરવાજો હાલ છે તેને દીલ્લી દરવાજો કહે છે.

પુના શહેરની

શ્રી પાર્વતી—શ્રી પાર્વતી નામની ટેકડી પુનાના દક્ષિણ બાજુ ગાંમ બહાર છે. તે ઉપર શ્રી પાર્વતી માતાનું દેવાલય છે. તે નાનાસાહેબ પેશવાએ બંધાવેલુ છે. તેમાં શ્રી પાર્વતી તથા ગણપતીની એવી સોનાની ૨૦૦૦ તોલાના વજનની સોનાથી મઢેલી મૂર્તિ છે.અને તેમાં શંકરની મૂર્તિ ચાંદીની છે. તેનું વજન ૬૭૪૧ તોલાના આસરે છે. અને દેવાલઓના શીખરને સોનાનો મુલામો કરેલો છે. આ દેવસ્થાનની વહિવટ પંચ મારફત છે. અને સરકારમાંથી અઢાર હજાર રૂપીઆ વરસના મળે છે શ્રાવણ માસમાં દર સોમવારે અને મહાશિવરાત્રીએ મોટી જાત્રા ભરાય છે. પાર્વતીની ટેકડી પરથી પુના શહેરનો દેખાવ ઘણો રળીયામણો દેખાય છે.

ચતુરસીંગી નામની ટેકડી પુના નજીક છે. તે ઉપર શ્રી ચતુર-

સીંગી માતાનું દેવસ્થાન છે. તીંહ્યા નવરાત્રીમાં મોટી જાત્રા ભરાય છે.

રે માર્કેટ--લૉર્ડ રે નામના ગવર્નરસાહેબ હતા. તેમનું નામ માર્કેટને આપ્યું છે. ફળ, ફુલ, શાકભાજી તેમજ ઘણી વસ્તુઓ ત્યાં મળે છે. અને માર્કેટના ઉપરના ગોળ ભાગમાં મ્યુનિસિપાલિટીનો ઑફીસ છે. અને વચલા હૉલમાં મ્યુનિસિપાલિટીની સભા ભરાય છે. અને માર્કેટની આગળ લોકમાન્ય તીલકનું મોટું સફેદ પત્થરનું બાવલું ઉભું કરેલું છે. તે જોવા લાયક છે.

પુના શહેરની માહિતી.

પુના શહેરની મુખ્ય પેંઠોઃ--

પેંઠોના નામ--શુકરવાર, વેતાળ, રવીવાર, બુધવાર, સદાશિવ, નારાયણ, શનવાર, ભવાની, નાનાની, રાસ્તા, ગણેશ, મોતીચૌક, કસબા, ખડક, ટીળક રોડ, કાપડગંજ, મીઠગંજ, ગાયઆળી, સોમવાર, મંગળવાર, નવી, ફરગ્યુસન કૉલેજ રોડ વીગેરે રસ્તાઓના નામ છે.

શનવારવાડાથી ભાંબુરડા. કેમ્પ તથા સ્ટેશને જવાનો લાઇડ બ્રીજ નાંમનો નવો પુલ બંધાવ્યો છે.

લાઇડ પુલપરથી જરા આગળ ગયા તો તેની સામે છત્રપતિ શ્રી શિવાજી મહારાજનો ઘોડાપર સજ્જ થએલો બ્રૉઝ ધાતુનો ૧૨ ફુટ, ૬ ઇંચ ઉંચો પુતળો દેખાય છે. અને તેની નજીકમાં સ્મૉલકૉઝ કોર્ટ વીગેરે નવી કોર્ટો જોવા લાયક છે.



વૈધ શાળા—લાઇડ પુલ નવા રસ્તામાં વૈધ શાળાની નવી પત્થરની બીલડીંગ છે. તારાની ગતિ, હવામાં થતું તોફાન, ધરતીકંપ, ઘડીઆળોના ટાઈમ વગેરે જાણવાના યંત્રો ત્યાં ગોઠવેલાં છે.

સ્ટેશન--ભાંબુરડા નામનું નવું સ્ટેશન સહેરના લોકોને નજીક પડે તે માટે બંધાવ્યું છે.

દેવસ્થાનો.

હિંદુઓના--પાર્વતી, ચતુરસીંગી, વિઠલવાડી, રામેશ્વર, સોમેશ્વર, ઓંકારેશ્વર, બેલબાગ, તુલસીબાગ, શ્રી ભવાનીમાતા, શ્રી શીતલાદેવી, શ્રી દત્તમંદીર, શ્રી વિઠોબા રખમાઇ વીગેરે વૈષ્ણવોના મંદીર રણછોડજીનું તથા કૃષ્ણમંદીર.

પારસીઓની--અગિઆરી, નાનાની પેઠ એમાં દખ્ખણના વડા-દસ્તુરના અધિકાર ચાલે છે.

મુસલમાનોના--જુમ્માામસજીદ, શેખસલ્લા, બારા ઇમામ, ઝુલતે પરી, ઘોડેપીર વીગેરે તેમની-બીજી મસજીદો છે.

જૈનોના--શ્રી ગોડી પાર્શ્વનાથનું દેહરાસર, ઓસવાળનું દેરાસર, પોરવાળનું દેહરાસર તથા દીગંબરના બે-ત્રણ મંદીરો છે.

ખ્રિસ્તીના—પંચહોદ મીશન તથા નાનાની પેઠનું દેવળ.

હવા ફરવાના સ્થળો--લૉઇડ પુલ (નવો પુલ), શીવાજી મંદીર, સભા માટે.

પાંજરાપોળ--અપંગ અને અશક્ત જાનવરોને મોકલવાથી, પાંજરાપોળ તરફથી પાળવામાં આવે છે.

છાપખાના--લોકમાન્ય તીલકનું કેસરી પત્રનું છાપખાનું તેમજ સરવંટ ઑફ ઇંડીયા સોસાયટીનું આર્યભુષણ છાપખાનું વીગેરે બીજા ઘણાં છાપખાનાઓ છે.

સુંદર મકાનો--રે માર્કેટ, પોસ્ટ ઑફીસ, સ્મૉલકૉજ કોર્ટ, રાસ્તાનો વાડો, નાતુનો વાડો, વીશ્રામ બાગ વીગેરે.

કૉલેજો--ફરગ્યુસન કૉલેજ, ડેક્કન કૉલેજ, પરસરામ ભાઉ કૉલેજ, ટ્રેનીંગ કૉલેજ, એનજીનીઅરીંગ કૉલેજ, સાએન્સ કૉલેજ, લૉ-કૉલેજ વીગેરે.

સ્કૂલ્સ—સરદાર દસ્તુર બૉયસ ને ગર્લ્સ સ્કુલો, ન્યુ ઇંગ્લિશ સ્કૂલ, નુતન મરાઠી વિદ્યાલય, વૈદ્યકીય શીખવવા માટે મેડીકલ સ્કૂલસ, વ્હીક્ટોરીઆ જુબીલી ટેકનીકલ સ્કૂલ, શીવાજી મરાઠા સ્કૂલ, કન્યાશાળા, સેવાસદન, ટીળક મહા-વિદ્યાલય, શેઠ નથુભાઈ હુકમચંદ ગુજરાથી પ્રાયમરી સ્કૂલ, મદરેસા બદરીઆ તે સીવાય મ્યુનિસિપાલિટી તરફથી આસરે પચીસ સ્કુલો છોકરાઓ માટે તથા પંદર સ્કુલો કન્યાઓ માટે શિક્ષણ અપાય છ.

ઇલેકટ્રીક પૉવર હાઉસ--રાસ્તા પેઠમાં છે. આ પૉવર હાઉસ-માંથી ઇલેકટ્રીક લાઇટ શહેરમાં પુરી પાડવામાં આવે છે.

મીલો--(એટલે ગીરણી) રેશમી તથા સુતરાઉ કાપડાની છે. તથા તાંબા પીતળણા વાસણ બનાવવાની વીગેરે.

વ્યાયામ શાળા—બાળકોને શારીરિક કેળવણી માટે શહેરના ઘણા ભાગમાં આખાડા (તાલીમ) છે. તેમજ બૉય સ્કાઉટ અને બાલચરના પથકો છે. તેમાં ઘણા વિદ્યાર્થીઓ ભાગ લે છે.

વેપાર—રેસમી પીતાંબર, લુગડા વીગેરે હાથ વણાટનો માલ સારો બને છે. તેમજ તાંબા પીતળણા વાસણો, કપડું અહીંઆંથી બહાર ગાંમ જાય છે. અને ઘણી જાતનો ધંધો ચાલે છે.

ટેલીફોન—પુના શહેરમાં રહેનારા શેઠીઆઓ તથા વેપારીઓ પોતાના બંગલામાં અને દુકાનમાં બેઠા બેઠા બીજે સ્થળે રહેલાઓ

સાથે વાતચીત કરી શકે માટે ટેલીફોનની ગોઠવણ કરવામાં આવી છે. ટેલીફોનના દોરડા ધાતુના તારના હોય છે. એ તારના દોરડાં ઉપર યંત્ર (મશીન) ગોઠવેલું હોય છે. સામ સામા બે યંત્રો પાસે રહેલા બન્ને માણસો એક બીજાની સાથે વાતચીત કરી શકે છે. આ ટેલીફોન મારફતે પુના સીટી તથા કેંમ્પ તથા સરકારી ઑફીસો સાથેજ વાતચીત થઇ શકે છે. આપણે જો મુંબાઇ ટેલીફોનથી વાત કરવી હોય તો જનરલ પોસ્ટ ઑફીસ અગર જીલ્લા ટેલીફોન હોય ત્યાં ત્રણ મીનીટનો ચાર્જ લઇ વાતચીત કરી શકાય છે.

જીમખાના—રમત રમવાને બીજા સાથીઓ જોઇએ. રમત રમનારા કેટલાંક મીત્રો જે જગાએ ભેગા થતા હોય તેને જીમખાનું કહે છે. ડેક્કન જીમખાનુ, યુરોપીઅન જીમખાનું વીગેરે.

વર્તમાનપત્રો—માણસોનુ શિક્ષણ કાંઇ નિશાળમાજ પુરૂં થતું નથી. શાળા છોડ્યા પછી મોટી ઉમરના માણસો પુસ્તકો અને છાપાંઓ જ્ઞાન આપવાનું દેશ પરદેશના નવા સમાચારો જણાવવાનું અને લોકહિતના સવાલોની ચર્ચા કરવાનું કામ કરે છે. આપણા પુનામાં જ્ઞાનપ્રકાશ રોજીંદુ પત્ર મરાઠીમાં નીકળે છે. મુંબઇ સમાચાર, પ્રજામીત્ર, ગુજરાતી જામે જમસેદ વીગેરે રોજીંદા પત્રો મુંબઇથી આવે છે. કેસરી, ભાલો વીગેરે મરાઠી અઠવાડીક પત્રો નીકળે છે.

પુના કેન્ટોનમેન્ટ (કેમ્પ) ની

સામાન્ય માહિતી.

પુના શહેરનાપાસે ઘોરપડી, વાનવડી આ ગાંમો નજીક સરકારી લષ્કર (ફોજ) રહે છે. તેના સગવડમાટે અને વેપાર અર્થે આ ભાગ થયો. માટે લષ્કર (કેમ્પ) એવું નામ પડયુ.! તેથી અહીં કેન્ટોનમેન્ટ ઑફીસ સ્થાપાઇ. કેન્ટોનમેન્ટ ઑફીસમાં સરકારી મેમ્બરો તથા સરકારે ચુંટેલા ગૃહસ્થોજ મેમ્બર હતા. પણ હાલમાં સુધારેલા કાયદા મુજબ માસીક રૂપીઆ ત્રણ ઘેરભાડું ભરવાવાળાને સભાસદો ચુટી મત આપવાનો હક્ક હોય છે. અને તેનું ઈલેક્શન ત્રણ ત્રણ વરસે થાય છે તે ઈલેક્શનમાં પ્રજાતરફથી ચુંટેલા મેમ્બર્સ છ અને સરકાર તરફથી નીમેલા યુરોપીયન અમલદારો છ મળી બાર મેમ્બર્સોની કેન્ટોનમેન્ટ બોર્ડની કમિટી છે.

કેન્ટોનમેન્ટ બોર્ડના કામો—રસ્તાઓ સાફ રખાવવા, રાત્રે દીવાબત્તી કરાવવી, પ્રાથમિક શિક્ષણોની નીશાળો ચલાવવી, દવાખાના ઘાલીને લોકોને દવા આપવાની વ્યવસ્થા કરવી, પીવા માટે ચોખ્ખુ પાણી મળવાની દેખરેખ રાખવી, બચ્ચાઓને માતા કઢાવવા, ગાંમમા મલેરીઆ વીગેરે રોગો ફેલાય તો તે ઉપર યોગ્ય વ્યવસ્થા કરાવવી, આગ લાગેલા ઠેકાણે ટાઈમસર બંબાઓની મદદ મળે તેવો બંદોબસ્ત કરાવવો વીગેરે.

કેન્ટોનમેન્ટની વસ્તી આસરે ૩૮૩૧૧ ની છે. હુવા પાણી સારા છે. તેથી ચોમાસમાં સંસ્થાનીક, રાજાઓ, શ્રીમંતો વીગેરે હુવા ખાવા આવે છે. વેસ્ટર્ન ઇંડીયા ટર્ફ કલબ તરફથી ચોમાસમાં રેસ (સરત) શરૂ થાય છે.

રમતગમતના સ્થળો--વેસ્ટર્ન ઇંડીયા ટર્ફ કલબ, યુરોપીયન

જીમખાનુ, પારસી જીમખાનુ, મુસ્લીમ જીમખાનુ, વાય. એમ સી. એ. વીગેરે.

મુખ્ય રસ્તાઓ—આરસનલ રોડ, સીવીલ લાઇન, બંડગાર્ડન રોડ, કોરેગાંવ રોડ, કૉનૉટ રોડ, પ્રીન્સ ઑફ વેલ્સ રોડ, સ્ટેશન રોડ, નેપીયર રોડ, ખાન રોડ, દસ્તુર મેહેર રોડ, ગફારબેગ સ્ટ્રીટ, મેનસ્ટ્રીટ, સાચાપીર સ્ટ્રીટ, ઇસ્ટ સ્ટ્રીટ, દાદાભાઈ ખુટી સ્ટ્રીટ, સોલાપુર રોડ, સીનેગૉગ સ્ટ્રીટ, બલંડલ રોડ (માર્કેટ રોડ), વીગેરે.

લક્ષ્મીરોડ નામનો સીટીમાંથી કેમ્પ સુધીનો મોઠો રસ્તો શરૂ થાય છે.

બજારો—જોઇતી સર્વ વસ્તુઓ પુના કેન્ટોનમેન્ટમાં લગભગ બધી જગાએ મળે છે. સોનુ, રૂપુ તથા કપડુ તથા પ્રોવીજનનો વેપાર સેંટર સ્ટ્રીટમાં ચાલે છે. બલંડલ રોડ. (માર્કેટ લાઇન) અનાજ તથા કીરીઆણુ, કાંચ સામાન, ચોપડીઓ, સ્ટેશનરીનો વેપાર ચાલે છે. લોખંડનો લગતી ચીજો કપડાના સ્ટોર્સ, દવાઓ, ફેનસી ચીજો મેનસ્ટ્રીટમાં વેચાય છે. મોટરકાર, બાઇસીકલ, ઘડીઆળોની મોટી ફર્મો ઇસ્ટ સ્ટ્રીટ તથા આરસનલ રોડમાં છે. શાકભાજી, ફુલ-ફળાદિ કૉનાટ મારકીટમાં વેચાય છે.

સ્કુલો (નિશાળો)—પુના કેમ્પ એજ્યુકેશન સોસાયટી હાયસ્કુલ, સરદાર દસ્તુર હોસંગ બૉયજ હાયસ્કુલ, સરદાર દસ્તુર નોસીરવા ગર્લ સ્કુલ, મદરેસા, અહમદીઆ, પુના જરથોસ્થી ગુજરાથી સ્કુલ, ધી પુના સીઆ ઇમામી ઇસ્લામી પ્રાયમરી ફ્રી સ્કુલ, સેંટ કોનવેન્ટ સ્કુલ, સેંટ વીનસંટ સ્કુલ, પુના કેમ્પ ગુજરાથી પ્રાથમીક સ્કુલ, સેંટ હેલીના સ્કુલ, શ્રી સરસ્વતી વિદ્યાલય, અંજુમનની સ્કુલ વીગેરે.

સુંદર મકાનો—ડેક્કન કોલેજ, એનજીનીઅરીંગ કોલેજ, વર્કશૉપ, એગ્રીકલચર કોલેજ, સાસુન હૉસપીટલ, લાલ દેવળ, યુરોપીઅન જીમખાના, રેસકોર્સ, વેસ્ટર્ન ઇંડીયા ટર્ફ કલબ, સેંટ મેરી

ચર્ચ, જુમ્મા મસજીદ, જૈન દેરાસર, કૌનસીલ હૉલ, જનરલ પોસ્ટ ઑફીસ, શીંદેની છત્રી, પુના સ્ટેશન, ગવરમેંટ હાઉસ, શિવાય સરકારી ઑફીસો અને શ્રીમંતોના બંગલાઓ જોવા લાયક છે.

મીલીટરી—સધર્ન કમાંડ હેડ કવાર્ટસ, મીલીટરી અકાઉન્ટ ડીપાર્ટમેન્ટ, મીલીટરી ફાર્મસ ડીપાર્ટમેન્ટ, સ્પેસીઅલ લેન્ડ ઑફીસ, યુરોપીઅન રેજીમેન્ટ તથા નેટીવ રેજીમેન્ટ રીસાલો વીગેરે

પુના એ મુંબઈ ઈલાકાનું સેંટ્રલ ડીવીજન (મધ્ય ભાગ) હોવાથી ઘણી ખરી સરકારી ઑફીસો અહીંઆ છે.

હવા ખાવાના સ્થળો—એમ્પ્રેસ ગાર્ડન, બંડગાર્ડન, બાટલીવાળાનો બાગ, રાણીનો બાગ વીગેરે.

પવીત્ર દેવસ્થાનો.

હિંદુઓનાં—રામમંદીર, શ્રી હનુમાન મંદીર, લક્ષ્મીનારાયણ મંદીર, વીઠોબા રખમાઈ, શીતળા માતાનું મંદીર વીગેરે.

જૈનોનાં—જૈન દેહરાસરો, સાચાપીર સ્ટ્રીટમાં અને સોલાપુર બજારમાં અને વાનવડી ગાંમમાં વીગેરે.

પારસીઓનાં- અગીઆરી-દસ્તુર મેહેર રોડ, સાઉથ પીટી સ્ટાફ લાઈન સેનેગૉગ સ્ટ્રીટ.

મુસલમાનોના—વહોરા કોમની જુમ્મા મસજીદ, મુંનસીની મસજીદ, મેમણ કોમની જુમે મસજીદ વીગેરે.

ખ્રીસ્તીઓના—યુરોપીયનોનું સેન્ટ મેરી ચર્ચ, કોંનવેન્ટ ઑફ મેરી ચર્ચ, સેન્ટ એન્ડ્રુજ ચર્ચ વીગેરે.

કૉનાટ મારકેટ—કૉનાટ સાહેબ નામે શહેનશાહના કાકા હતા તેમના હસ્તે મારકેટ ખુલ્લુ મુકવામાં આવ્યુ તેથી કૉનાટ મારકેટ નામ આપવામાં આવ્યું. શાકભાજી, ફળફુલ વીગેરે જોઈતી ચીજો મળે છે.

લાયબ્રરીઓ—આલબર્ટ. એડવર્ડ ઇનસ્ટીટયુટ કાવસજી જેહાંગીર હૉલ એન્ડ લાયબ્રરી.

જૈન બંધુ સમાજ લાયબ્રરી, કૃષ્ણ મોફત વાચનાલય વીગેરે. બાળકોને વાંચવા લાયક પુસ્તકો ઘણા ખરી સ્કુલોમાં છે.

વર્તમાન પત્રો—ડેક્કન હેરલ્ડ તથા પુના સ્ટાર અંગ્રેજીમાં પ્રસીદ્ધ થાય છે. શીવાય અંગ્રેજી તથા ગુજરાથી પત્રો મુંબઇથી આવે છે.

રેસકોર્સ—રેસકોર્સનું મૈદાન તેમાં ઘોડાઓની સરત દોડાવવામાં આવે છે. તે વખતે સરત રમવામાં ઘણા લોકો હજારો રૂપીઆ ગુમાવે છે ને વખતે કમાય છે.

સિનેમા—વેસ્ટ એન્ડ સિનેમા, એમ્પ્રેસ તથા ભારત સિનેમા તેમાં જઇ લોકો પડદા પર હાલતા ચાલતા અને બોલતા ચિત્રો જોઇ આનંદ મેળવે છે.

કેન્ટોનમેન્ટ બોર્ડની વ્યવસ્થા—મ્યુનિસિપાલિટી કરતા રસ્તાએ વધારે સાફ રખાય છે, દીવાબત્તી વીગેરે પુરી પાડવી, ચોખ્ખાઈ રખાવવી વીગેરે કામ સારૂ કરાવે છે. કેન્ટોનમેન્ટમાં હિંદુ, જૈન, પારસી, મુસલમાન વીગેરેની ઘણી ખરી વસ્તી છે. જૈનોની વસ્તીમાં પ્રથમ કરતા વધારો થયો છે. કેન્ટોનમેન્ટના પ્રમાણમાં પ્રાથમોક ગુજરાથી સ્કુલની તેમજ હીંદુ જીમખાનાની જરૂર છે.

સબરબન મ્યુનિસિપાલિટી.

સબરબન મ્યુનિસિપાલટીમાં વીસ મેમ્બર્સ છે. તેમાં મતદારોએ ચુંટેલા મેમ્બર્સ ૧૭ તથા સરકારે નીમેલા મેમ્બર્સ ૩ છે. સબરબનની વસ્તી આસરે ૧૪૫૦૦ ની છે. એરવડા, નવી ખડકી, સંગમવાડી, વાકડે વાડી વીગેરે સબરબનના હદમાં ગણાય છે. સબરબન મ્યુનિસિપાલિટી, પ્રાથમિક શિક્ષણમાં સારી મદત કરે છે અને બે ચાર સ્કુલો ફરજીઆત શિક્ષણ આપવાની સરૂ કરી છે.

સાસુન હૉસ્પીટલ--આ હૉસ્પીટલ પુના જીલ્હામાં મોટામાં મોટી છે. સર ડેવીડ સાસુન નામપરથી સાસુન હૉસ્પીટલ નામ પડયુ છે. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ આ હૉસ્પીટલમાં અનુભવ લે છે. આ હૉસ્પીટલમાં દર્દીને રાખી ડાકટરો અને નર્સોની મારફતે સારવાર કરી રોગ મટાડવામાં આવે છે.

હડકાયુ કુતરૂ કરડેલા માણુસની સારવાર ખાસ કરવામાં આવે છે.

પુના સ્ટેશન--જુનુ સ્ટેશન પાડી નાખી નવા સ્ટેશનનું મકાન મોટુ કરયુ છે. સ્ટેશન સામે નેક નામદાર શહેન શાહના પાટવી કુંવર પ્રીન્સ ઑફ વેલ્સનું બાવલુ ઊભુ કરવામાં આવ્યુ છે.

યેરવડા—સરકારી તુરંગ અને રીફ્રામેંન્ટ્રી સ્કુલ અને દીવાની હૉસ્પીટલ અને ડીગીમાં વાયરલેસ ટેલીફોનની ઑફીસ છે.

હવેલી તાલુકો.

ખેડ તાલુકાની માફક હવેલી તાલુકો મોટો છે. આ તાલુકામાં ૨૪૨ ગાંમો છે. અને લોકલબોર્ડ તરફથી ૯૧ સ્કુલો ચાલે છે. તેનું ક્ષેત્રફળ ૮૧૩ ચોરસ માઈલ છે. વસ્તી ૩૨૬૯૫૫ માણુસોની છે. પુના શહેર આ તાલુકાનું મુખ્ય ગાંમ છે.

મોટા ગાંમ--જીલ્હાનું મુખ્ય ગાંમ પણ પુના છે. પુનાની હકીકત જાણુવા જેવી હોવાથી આગળના પાઠમાં આપવામાં આવી છે. પુના શિવાય હવેલી તાલુકામાં ચીંચવડ, દેહું, મુંઢવા, લોણી-કાળભોર, વાઘોલી, ઉરળી કાંચન, ચન્હોલી, ખેડ-શિવાપુર, ફુલગાંવ, હડપસર, વાનવડી, કાત્રજ, બહુલી, ખડકવાસલા, ડોણુજે, એરવડે, ખડકી વીગેરે ગાંમ છે.

મુળશી પેટાના ગાંમ--પૌડ, (પેટાનું મુખ્ય ઠેકાણું) ઘોટવડે, શેરે, આવળસ, ભોરકસ, શેડાણી, શહાપુર, વીગેરે.

પર્વત--પશ્ચિમે સહ્યાદ્રી અને મુળસી પેટાની ઉત્તરે એક પહાડની હાર સીંહગઢ તરફ ગઈ છે.

દેવસ્થાનની જગ્યાઓ--દેહુમાં મહારાષ્ટ્રના પ્રખ્યાત ભકત તુકારામ મહારાજનો ઇંદ્રાયણીના કાંઠે વૈકુંઠવાસ થયો છે. અને વીઠોબાનું મંદિર છે. ફાગણ માસમાં મોઠી જાત્રા ભરાય છે. જોવા લાયક છે. ચીંચવડમાં મોરયા ગોસાવીની સમાધી છે. માગસર વદી ૬ ને દીવસે જાત્રા ભરાય છે. થેઉર ગણુપતીનું મંદિર છે.

મુંઢવા કાગળની ગીરની છે. હુઠપસર, મુંઢવા, ઉરળી કાંચન, નહેરની પાણીથી ઉસ (શેરડી) નો પાક ઘણો થાય છે. અને તેનો ગોળ બનાવી પુનામાં વેચવા મોકલે છે. શીવાપુર–કેરીઓ વખણાય છે કુલગાંમ–બજાર ભરાય છે. અહીંની નદીને પેશવા સરકારએ સુંદર ઘાટ બંધાવ્યો છે. લોણી કાળભોર–ખેતીવાડીની નીશાળ છે. થેઉર–ગણુપતીનું પ્રસિદ્ધ દેવસ્થાન છે. ઘોરપડી, વાનવડી–મિલિટરી સરકારી ફોજ રહે છે. ખડકી–નવો બજાર થયો છે, સરકારી મિલિટરી ફોજ રહે છે, (આરસનલ) દારૂગોળાની ફેકટરી છે, વેપાર સારો ચાલે છે. ગણેશખીંડમાં ગવર્નર સાહેબનો બંગલો જોવા લાયક છે, ચોમાસમાં ગવર્નર સાહેબ ચાર મહીના અહીંઆ રહે છે. વાનવડી છત્રી–અહીંઆ મહાદજી શીંદેની છત્રી જોવા લાયક છે. સીંહગઢ કીલ્લાપર રાજારામ મહારાજની સમાંધી છે. ઉન્હાળામાં શ્રીમંત લોકો હવા ખાવા આવે છે. હીંગણે બુદ્રુક–કર્વેનું અનાથ બાલીકાશ્રમ શિક્ષણ-સંસ્થા જોવા લાયક છે. ભાંબુર્ડામાં જંગલી બુઆની ગુંફા છે.

પોસ્ટ ઑફીસો--પુના, ખડકી, ચીંચવડ, એરવડે, પૌડ, ત્યાં સ્વતંત્ર ઑફીસો છે. લોણી, ઉરલી, વાઘોલી, ખેડ, મુંઢવા બ્રાંચ ઑફીસો છે.

जुन्नर तालुको.

આ તાલુકો પુના જીલ્હાના છેક ઉત્તરે આવેલો છે. એનો પશ્ચિમ ભાગ ઘણો ડુંગરવાળો છે. અને પૂર્વ ભાગ લગભગ સપાટ છે. આ તાલુકામાં ૧૯૩ ગાંમો છે. તેનું ક્ષેત્રફળ ૬૧૧ ચોરસ માઈલ તથા વસ્તી ૧૧૯૫૨૧ ની આસરે છે.

તાલુકાનું મુખ્ય ગાંમ જુન્નર છે. અહીં મામલેદાર, મુનસફ, ફોજદાર, સબરજીસ્ટર વીગેરે તાલુકા અધિકારીઓની કચેરીઓ છે. જુન્નરમાં મ્યુનિસિપાલિટી અને તાલુકા લોકલબોર્ડની કચેરી છે. અહીંઆ બે દવાખાના છે, અને ચાર સ્કુલો છે. જુન્નરમાં હાથ-વણાવટનું કામ ઠીક ચાલે છે. અને કાગળ બનાવવાનું નાનું કારખાનું છે.

મોટા ગાંમ—નારાયણગાંમ, ઓતુર, આળે, રાજુરી, પીંપળવંડી, ચાંડોલી, બેલ્હે, કળંબ વીગેરે.

પોસ્ટ ઑફીસો—જુન્નર તથા નારાયણગાંમ તથા ઓતુર, પીંપળવંડી અને બેલ્હે તથા રાજુરી વીગેરેમાં બ્રંચ ઑફીસો છે. જુન્નર તાલુકાનું મુખ્ય ઠેકાણું અહીંઆ દર અઠવાડીએ બજાર ભરાય છે. ઓતુર માંડવી નદી ઉપર આવેલું છે. અહીંઆ કેસવ ચઈતન્યની સમાધી છે

નદીઓ—કુકડી, પુષ્પાવતી, માંડવી, ઘોડ, મીના આ નદીઓ આ તાલુકામાંથી વહે છે. દક્ષિણ તથા ઉત્તરે ઘાટોના લીધે તરફ નાળુ હોઈને તેમાં મઢનેર, નેર તથા મીનેર એ ત્રણ ખોંડ છે.

દેવસ્થાન—ગણેશ પહાડ, શ્રી ગણપતીનું દેવળ અને ઓઝરમાં પણ ગણપતિનું દેવળ છે. જૈનોના બે દેરાસર જુન્નરમાં છે.

શીવનેરી—જુન્નરની પશ્ચિમે અડધા માઈલપર જોવા લાયક

પ્રખ્યાત કીલ્લો છે. ત્યાં ઈ. સ. ૧૬૨૭ માં છત્રપતિ શીવાજી મહારાજનો જન્મ થયો હતો. કીલ્લા ઉપર જતા જમણી બાજુએ ભવાની માતાનું મંદિર જોવાલાયક છે. અને તેના આજુ બાજુ ડુંગરોમાં કોરીવ લેણી જોવાલાયક છે.

આ તાલુકામાં આસરે ૮૫ નીશાળો છે. પાક-ગહુ, બાજરી, ચોખા, ચણા વીગેરે અને જુન્નર, કળંબ, આળે, ઓતુર, રાજુરીમાં-કેળા, કેરી વીગેરે ફળોના બાગ છે. રાજુરીમાં અંગુરના બાગ છે.

ખેડ તાલુકો.

ખેડ તાલુકો જુન્નર તાલુકાની દક્ષિણે આવેલો છે. આ તાલુકો ઘણો ખરો ડુંગરવાળો છે. એના પશ્ચિમે સહ્યાદ્રિ છે. આ તાલુકામાં ૧૯૩ ગાંમ છે. તેનુ ક્ષેત્રફળ ૮૮૮ ચોરસ માઈલ છે. વસ્તી ૧૫૯૯૭૫ ના આસરે છે. ખેડ એ તાલુકાનું મોઠું ગાંમ છે, તેમાં ઘોડનેર, ભીમનેર તથા ભામનેર એવી ત્રણ ખીણો છે.

આ પશ્ચિમ પર્વત—સહ્યાદ્રીની ઉત્તર દિશા તરફ એક અને દક્ષિણ દીશાનો ભાગ એક એવી બે ડુંગરની હાર છે.

નદી—ભીમા, ઘોડનદી, ભામા, ઈન્દ્રાયણી નદી, ખોરાની ડાબી બાજુએ પાણલોટનો થોડો ભાગ છે. આ તાલુકામાં ભામા નામની નદી છે. તે અગ્નિ દિશામાં વહીને પીંપળગાંમ પાસે ભીમાને મેળે છે.

ખેડ તાલુકો જુન્નર તાલુકાથી મ્હોટો છે. તેથી મ્હોટા તાલુકાનું કામ એક મામલેદારથી થઇ શકે નહી માટે તેમાં આંબેગાંમ નામનો પેટા પાડયો છે. પેટાના અધિકારીને મહાલકરી કહે છે. આંબેગાંમ પેટાનું મુખ્ય ગાંમ ઘોડે છે. ઘોડે ગામમાં-ફોજદાર, સબરજીસ્ટર વીગેરેની કચેરીઓ છે. પેટામાં આંબેગાંમ અને મંચર આ બીજા

મોઠા ગાંમ છે. આ પેટામાં કોળી લોકોની વસ્તી ઘણી છે. તેથી તે લોકોના છોકરાઓને શિક્ષણ માટે ૩૦ સ્કુલો લોકલબોર્ડ તરફથી ચાલે છે. તાલુકાનું મુખ્ય ગાંમ ખેડ, ભીમાનદીના કાંઠે છે. તીંહા મામલેદાર, મુનસફ, ફોજદાર, સબરજીસ્ટર વીગેરે તાલુકાઅધિકારીઓ છે તેમજ તાલુકા લોકલબોર્ડનું ઑફીસ છે. અહીંઆ બે દવાખાના છે. ખેડમાં ચંડીરામ બુવાની સમાધી છે. અહીં પોસ સુદ ૧૪ એ જાત્રા ભરાય છે.

મોટા ગાંમ—ચાકણ, કડુસ, વાડે. ચાસ, વાફગાંવ, આળંદી, વાફગાંમમાં હોળકર સરકારનો જોવા લાયક વાડો છે, વાડે ગાંમમાં ચોખાનો વેપાર મોટો ચાલે છે. ચાકણમા ભુઈકોટ કીલ્લો છે. પણ તે હાલ જીર્ણ સ્થિતીમાં છે. આળંદી, ભીમાશંકર, અને નીમગાંવ જાત્રા તથા હીંદુ દેવસ્થાન માટે પ્રસિદ્ધ છે.

શ્રીક્ષેત્ર આળંદી—ઇંદ્રાયણી નદીના કાંઠે છે. અહીંઆ શ્રીવિઠોબાના ભકત જ્ઞાનેશ્વર મહારાજની સમાધી છે. દર વદ અગીઆરસે જાત્રા ભરાય છે. કારતક વદ ૧૧ ના દીવસે મોટી જાત્રા ભરાય છે. અહીં મ્યુનિસિપાલિટી અને દવાખાનું છે. ગાંમમાં શ્રીમંત લોકોએ જાત્રાળુઓ માટે ઘણી ધર્મશાળાઓ બંધાવી છે.

ભીમાંશંકર—અહીં મહાશીવરાત્રીએ મોટો મેળો ભરાય છે. સીમા નદીના કાંઠે નીંમગાંવમાં એક ટેકડીપર ખંડોબાનું મંદીર છે. તેનુ ખરચ શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી મળે છે.

ચાસ ગાંમમાં—પહેલા બાજીરાવ પેશવાની કન્યા રખમાબાઈને જોસી કૃષ્ણરાવને પરણાવી હતી, તેથી ચાસકમાન પ્રસિદ્ધ થયું છે.

પોસ્ટ ઑફીસો—ખેડ, મંચર, ચાકણ, ઘોડે, આળંદી ત્યાં સ્વતંત્ર ઑફીસો છે. વાડે, અવસરી બુદરૂક, વડગાંમ, ચાસકમાન, કડુસ, મહાળુંગે, આંબેગાંમ, દાવડી વીગેરે ઠેકાણે બ્રૅંચ ઑફીસો છે.

ખેડ તાલુકાનો પાક—હરડા, બાજરી, કાંદા, બટાટા, મરચી,

ભાજીપાલો, સંતરા વીગેરે. આ તાલુકાનો માલ બેલગાડી તથા મોટરમાં પુના અને તળેગાંમ દાભાડે એ જાય છે. તળેગાંમ જવા-વાલો માલ આગળ રેલ્વેથી મુંબઈ જાય છે. મોટરકારથી પ્રવાસ કરવા સહેલું થયું છે. પુનાથી મોડરો પેસેંજર લઈને તેમજ થેટ, મંચર જુન્નરની ટપાલ મોટરથી જાય છે.

શિરૂર તાલુકો.

શિરૂર તાલુકો ખેડ તાલુકાના પૂર્વ ભાગમાં છે. એના દક્ષિણ દિશાએ હવેલી ને ભીમથડી એ બે તાલુકાઓ છે.

આ તાલુઠામાં ૭૬ ગાંમો છે. તેમાં ૪૮ સ્કુલો મ્યુનિસિપાલિ-ટીની અને ખ્રીસ્તી મીશનરીની પાંચ છ પ્રાથમિક શિક્ષણની સ્કૂલો છે. અંગ્રેજી શિક્ષણ માટે તાલુકામાં સાધન બરાબર નથી. ઘોડનદી ગાંમમાં અમેરીકન મિશનની અંગ્રેજી નીશાળ છે અને તેની સાથે એજ મિશનની ઉદ્યોગ-શાળા છે.

એમાં ઘોડનદી ગાંમ ઘોડનદીના કાંઠે છે. આ ઠેકાણે પહેલા સર-કારનો રિસાલો (ઘોડેસ્વારની તુકડી) હોવાને લીધે વેપાર મોટો ચાલતો હતો. ઘોડનદી ગાંમમાં મામલેદાર, ફોજદાર, સબરજીસ્ટ્રાર વીગેરેની કચેરીઓ છે. તેમજ ત્યાં દવાખાનું, ટપાલ અને તાર ઑફીસ પણ છે. જૈન દેરાસર, હિંદુઓના મંદીર અને મુસલમાનો-ની મસજીદો પણ છે. તથા મ્યુનિસિપાલિટી અને તાલુકા લોકલ-બોર્ડની ઑફીસ છે.

મોટા ગાંમ—ઘોડનદી, તળેગાંવ ઢમઢેરે, પાબળ, કેંદૂર, મલ-ઠણ. આલેગાંમ, રાંજણગાંમ-ગણપતી, સીકરાપુર, માંડવગણ, કોરે-ગાંમ કાન્હુર, કરડે, જાંબુત ગણેગાંવ દુમાલા વીગેરે.

પર્વત—ખેડ તાલુકામાં આંબેગાંમ પાસેથી આવેલા ડુંગરની હાર છે.

નદી—તેની દક્ષિણ તરફ ભામા નદી તથા પૂર્વ તરફ ઘોડનદી વહે છે. તળેગાંમ ઢમઢેરે, પાબળ અને કેંદુર આ તાલુકામાં મોટા ગાંમ છે. તળેગાંમ ઢમઢેરે વેપારની મોટી પેઠ છે. અને અહીંઆ મુનસફ, ફોજદાર વીગેરેની કચેરીઓ છે. આ તાલુકામાં નારંગી, સંત્રા, ચીકુ વીગેરે ફળોના બાગો છે. અને જુવાર, ઘઉં, બાજરા, બટાટા, કપાસ વીગેરે પાકે છે.

મલઠણ ગાંમ—પવાર વંશજોનું ઈનામી ગાંમ છે.

કોરેગાંમમાં અંગ્રેજ સરકાર અને પેશવા સરકારની ઈ. સ.૧૮૧૮ માં મોટી લઢાઈ થઈ હતી. આ લઢાઈમાં અંગ્રેજ સરકારનો જય થયો. અને પેશવાનું રાજ્ય તેમને મળયુ. આ જયની યાદગીરીમાટે અહીંયા અંગ્રેજ સરકારએ મોટો જયસ્તંભ ઉભો કરયો છે.

દેવસ્થાનની જગ્યા—રાંજણગાંમમાં ગણપતીનું પ્રખ્યાત મંદિર



છે. આ મંદિરને સરકારતરફથી વારસીક ખર્ચ મળે છે અને તળેગાંમમા જૈન દેરાસર છે.

પોસ્ટ ઑફીસો—ઘોડનદી, તળેગાંમ, પાબળ, આ ગાંમોમાં સ્વતંત્ર ઑફીસો છે. તથા મલઠણ, આંબેગાંમ, રાંજણગાંમ ગણપતી વીગેરે ઠેકાણે બ્રૅચ ઑફીસો છે.

માવળ તાલુકો.

પુના જીલ્હામાં આ બીજા તાલુકાઓ કરતા ન્હાનો છે. ખેડ અને હુવેલી આ બે તાલુકાની વચમાં માવળ તાલુકો વસેલો છે.

આ તાલુકામાં વરસાદ ઘણો પડે છે. અને હવા ઉષ્ણ છે.

આ તાલુકામાં ૧૬૮ ગાંમ છે. આ તાલુકામાં આસરે ૩૦ સરકારી નિશાળો છે. તેનુ ક્ષેત્રફળ ૩૮૫ ચોરસ માઇલ તથા વસ્તી આસરે ૬૭૧૯૫ માણસની છે. સદર તાલુકાનુ મોટું ગાંમ વડગાંમ છે.

મોટા ગાંમ—વડગાંમ (તાલુકાનું મુખ્ય ગાંમ) તળેગાંમ દાભાડે, લોણાવળા, ખંડાળા, કારલા, નાણે, ઇન્દુરી, ચાંડખેડ, વીગેરે.

પર્વત—આ તાલુકાની પશ્ચિમે સહ્યાદ્રી પર્વત છે. આ પ્રદેશના અંદર માવળ, પવનમાળ અને નાણેમાવળ એવા ત્રણ ભાગ છે.

વડગાંમમાં મામલેદાર, મુનસફ ફોજદાર સબરજીસ્ટ્રાર ફૉરેસ્ટ રેંજર વીગેરેની કચેરીઓ છે. અને દવાખાનું પોસ્ટ ઑફીસ, મરાઠી સ્કૂલ, લોકલબોર્ડની કચેરી વીગેરે લોકોપયોગી સંસ્થા છે. પુનાથી મુંબઈ રેલ્વેથી જતે રસ્તામાં વડગાંમ સ્ટેશન આવે છે. ખંડાળે શ્રીમંત લોકો તથા મીશનરી લોકો ઉન્હાળામાં હુવા ખાવા જાય છે. ખંડાળના સ્ટેશનથી મુંબઇ જતે ખંડાળાનાં બોગદા આવે છે તે ડુંગર કોરીને રેલ્વે રસ્તો કાઢ્યો છે. રેલ્વેમાંથી બોરઘાટ, રીવ્હરસીંગ સ્ટેશનપરથી ડુંગર અને પહાડનો દેખાવ રળીયામણો (સીન) દેખાય છે. લોણાવળા ટાટા કંપનીનું ઇલેકટ્રીક પૉવરનું તળાવ વીગેરે નજીકમાં છે. અને રેલ્વે સ્ટેશનના પાસેજ ગાંમ છે. શ્રીમંતોએ હુવા ખાવા માટે બંગલાઓ બંધાવ્યા છે. ઉન્હાળામાં શ્રીમાન લોકો હુવા ખાવા આવે છે. તળેગાંમ દાભાડે-સરકાર અહીંઆ રહે છે. અહીં પૈસાફંડ કાંચનું કારખાનું જોવા લાયક છે જુન્નર, ચાકણ, ખેડ વીગેરે ગાંમ જવા સ્ટેશનપર મોટરો તઇયાર હોય છે. અને આંખની દવામાટે દર સોમવારે સવારના મુંબઇ તથા પુનાના ડાકતરો ભેગા થઇ આંખ તપાસીને દવા આપે છે.

તળેગાંમ તથા લોણાવળામાં મ્યુનિસિપાલિટી છે. તથા દવાખાના પણ છે. લોહુગડ કીલ્લો પ્રસિદ્ધ છે. ત્યાં પેશવા સરકારના વખતમાં રાજકીય કેદીઓ રાખતા હતા.

કાર્લાની કોરોવ લેણી ઘણી જોવા લાયક છે. અને સ્ટેશન પાસે રાજા રવીવર્માનું લીથો પ્રેસ જોવા લાયક છે.

કારલા સ્ટેશન પાસે ક્ષયરોગ માટે સેનેટોરીયમ બંધાવેલું છે. અને દવાખાનામાંથી દવા અપાય છે.

પોસ્ટ ઑફીસો—વડગાંમ, લોણાવળા, ખંડાળા, તળેગાંમ દાભાડે વીગેરે ઠેકાણે સ્વતંત્ર ઑફીસો છે.

ભીમથડી તાલુકો.

ખેડ અને હવેલી તાલુકા માફક ભીમથડી તાલુકો મોટો છે. માટે દોંડ પેટા જુદો કાઢયો છે.

આ તાલુકામાં વરસાદ કમી પડે છે. માટે સરકારએ આ તાલુકામાં ઘણા ખરા ભાગમાં નેહેરોની યોજના કરેલી છે. નેહેરોના પાણીથી દોંડ પેટાના પશ્ચિમ ભાગમાં અને તાલુકાના દક્ષિણ ભાગમાં સારો પાક થાય છે. શેરડી, ફળફળાવળ, કરડઈ, ચણા, સીંગો વીગેરે પાકે છે.

આ તાલુકામાં ૧૩૦ ગાંમ છે. તથા લોકલ-બોર્ડની ૪૬ નીશાળો છે. ક્ષેત્રફળ ૧૦૩૬ ચોરસ માઈલના આશરે છે. વસ્તી આશરે ૧૨૪૫૬૧ છે. મોટું ગાંમ બારામતી છે.

બારામતી—તાલુકાનું મોટું ગાંમ એ કર્હા નદીના કાંઠે છે. આ શહેર બાબુજી નાઈકએ આસરે ૧૮૦ વર્ષ અગાઉ વસાવેલું છે. એ ઠેકાણે એક મોટો વાડો અને સિદ્ધેશ્વરનું મંદીર બંધાવ્યું છે. કવિ મોરોપંત આ ઠેકાણે થઈ ગયા છે. બારામતીમાં મામલેદાર, મુનસફ, સબરજીસ્ટ્રાર, ફોજદાર, ઓવ્હરસિયર, ઈરીગેશન વીગેરેની કચેરીઓ છે. તેમજ મ્યુનિસિપાલિટી, લોકલબોર્ડ વીગેરેની ઑફીસો

છે. માણુસો માટે એક અને જનાવરો માટે એક એવા બે દવાખાનો છે. મ્યુનિસિપાલિટીની છ નીશાળ છે. અને એક અંગ્રજી હાયસ્કુલ છે. મિશનરી સ્કુલમાં ટકારી, ભામટા, વીગેરે જાતના છોકરાઓને મફત શિક્ષણ અપાય છે. બારામતીમાં સાકરનું કારખાનું છે તે પરદેસી સાકર કરતા ગળપણમાં વધારે હોય છે.

દૌંડ પેટા—દૌંડ એ પેટાનું ગાંમ છે. ત્યા આગગાડીનું મોટું સ્ટેશન છે. અને જંકશન કહેવાય છે. ત્યાંથી મનમાડ સુધી રેલ્વે તથા મદ્રાસ તથા કલકત્તા જનાર રસ્તા જોડે છે. એવત એ પેટાનુ ગાંમ હોઈને સ્ટેશન છે, જૈન મંદીર છે, અહીં દર અઠવાડીએ મોટો બજાર ભરાય છે. કેડગાંમ સ્ટેશનપાસે રમાબાઇએ શરૂ કરેલી મીશનરી સ્કુલ મોટી છે, તીંહા છોકરીઓને શિક્ષણ અપાય છે. કેડગાંમમાં દર અઠવાડીએ બજાર ભરાય છે. કેડગાંમ આસરે પાંચ માઇલપર દેઉળગાંમમાં પ્રસિદ્ધ શ્રી નારાયણ મહારાજનું સ્થાન છે. મહારાજના દર્શન-લેવા બહારગાંમથી પુષ્કળ લોકો આવે છે. યવત ગાંમથી ચાર માઇલ ડુંગર ઉપર ભુલેશ્વરનું મંદીર જુના વખતનું જોવા લાયક છે.

મોટા ગાંમ--બારામતી, સુપે, મોરગાંમ, રાજેગાંમ, સોનગાંમ, પણદરે. લોણી, માલેગાંમ વીગેરે.

પેટાના ગાંમ--દૌંડ, પાટસ, કાનગાંમ, નાનાગાંમ, ગીરીમ, કુરકંવ. બોરીઆવી, કેડગાંમ, એવત, રાહુ-પીંપળગાંમ, ખડકી રાવણગાંમ વીગેરે.

દેવસ્થાનો--મોરગાંમ, ગણપતીનું મંદીર જોવા લાયક છે. કુરકુંબ તથા કરંજેમાં સોમેશ્વર નામનું શીવનું મંદીર છે.

પોસ્ટ ઑફીસો--બારામતી, સુપે, એવત, કેડગાંમ, દૌંડ, પારગાંમ મોરગાંમ વીગેરે

ઈંદાપુર તાલુકો.

તાલુકાનું મુખ્ય ગાંમ ઇંદાપુર. અહીં મામલેદાર, ફોજદાર, સબરજીસ્ટ્રર વીગેરે કચેરીઓ છે. અને મ્યુનિસીપાલીટી તથા તાલુકા લોકલ બોર્ડની આફિસો છે. વેપારનું મથક છે- સોલાપુર સાથે ઈંદાપુરનો વ્યાપાર સારો ચાલે છે, અહીંઆ બે નિસાળો છે અને એક દવાખાનુ છે. આ તાલુકામાં ૮૬ ગાંમ છે. લોકલ બોર્ડની ૪૫ નિશાળો છે. હાથવણાટથી લુગડા થાય છે.

મોટા ગાંમ.—ઇંદાપુર, ડીકસળ, નરસિંહપુર, બાવડે, ભિગવણ, નીમગાંવ-કેતકી, બોરી, લાસુર્ણે વીગેરે.

દેવસ્થાનો—ભીમા અને નીરા ના સંગમપર નરસિંગપુરમ નરસિંહનું પ્રસિદ્ધ દેવાલય છે. વઈસાખ સુદ ૧૫ ની મોટી જાત્રા ભરાય છે. બાવડે શેલડીનો પાક ઘણો થાય છે. બોરી ગાંમમાં ઘોંગડી તઈયાર થાય છે.

પર્વત:—સહ્યાદ્રી પર્વતનો ચોથા હારનો ફાટો કળસગાંમ પાસે મળે છે. ભાદલવાડી અને નીરા નહેરના પાંણીથી કોઈ ભાગમાં પાક સારો થાય છે. જમીન રસાળ હોવાથી જુવારી, ભુઈમુગ, શેલડી, કપાસ વીગેરેનો પાક થાય છે.

પોસ્ટ ઑફિસો:—ઇંદાપુર અને ડીકસળ ત્યા સ્વતંત્ર ઓફિસો છે. નરસિંહપુર, નિંબગામ કેતકી, બાવડે, ડાઈજ વીગેરે ત્યાં બ્રાંચ ઓફિસો છે.

પુરંધર તાલુકો.

આ તાલુકો હવેલી તાલુકાની દક્ષિણે અને ભીમથડી તાલુકાના પશ્ચિમે છે. આ તાલુકામાં ૯૨ ગાંમ છે. અને લોકલ બોર્ડની ૭૦

નિશાળો છે. તેનું ક્ષેત્રફળ ૪૭૦ ચોરસ માઈલ છે. વસ્તી આસરે ૭૩૫૯૧ માણસની છે. મોટું ગાંમ સાસવડ એ કહ્ર્હા નદીના કાંઠે છે. પેશવાના દીવાન અંબાજીપંત પુરંદરેનું રહેવાનું આ ગાંમ છે. સાસવડમાં પુરંદરેનો મોઠો વાડો છે. સાસવડમા મામલેદાર, ફોજદાર, સબરજીસ્ટ્રાર, મુનસફ વીગેરેની કચેરીઓ છે. અહીંઆ મ્યુનિસિપાલિટી અને લોકલબોર્ડની ઓફીસો છે. અને ત્રણ નિશાળો છે. અહીં સોપાનદેવ મહારાજની સમાધિ છે.

મોટા ગાંમ- જેજુરી, વાલ્હે, વીર, પરિંચે, દીવે, કીકવી, ગરાડા, બેલસર, રાજેવાડી, પિંપરી, વાઘાપુર, માળશિરસ એ મોટા ગાંમ છે.

પર્વત--સહ્યાદ્રી-ચોથા એક ભાગ ઉત્તર હદ તરફ અને એક ભાગ મધ્ય તરફ આવે છે.

નદીઓ—તેના દક્ષિણ તરફ નીરા નદી વહે છે અને પશ્ચિમ તરફ કહ્ર્હા નદી વહે છે.

દેવસ્થાન—જેજુરી ખંડોબાનું સ્થાન છે. ચૈત્ર મહિનામાં મોટી જાત્રા ભરાય છે. તેમજ ચંપાષષ્ટીએ, પોસ સુદ ૧૫ ના દિવસે જાત્રા ભરાય છે. અહીં દવાખાનું છે, મ્યુનિસિપાલિટી અને ફોજદારી કચેરી છે. વાલ્હે વાલ્મિકી ઋષીએ આ ગાંમ વસાવેલું કહેવાય છે, અહીંઆ તેમની સમાધી છે. વાલ્હે કેળાનો પાક ઘણો થાય છે. વીરમાં મ્હસ્કોબાનું દેવાલય છે. માળશિરસ પાસે ભુલેશ્વર નામનું મોટું દેવાલય છે. ત્યા શ્રાવણી સોમવાર અને મહાશિવરાત્રીની મોટી જાત્રા ભરાય છે.

દિવા ઘાટના આગળ દિવે ગાંમ વસેલું છે. પરિંચે-અહીં ખાવાના પાનના મળા છે. નિરા સ્ટેશન-વેપારનું મથક અને ગોળનો મોટો વેપાર ચાલે છે. પુરંધર આ ડોંગરી કીલ્લો છે. પુરંધર કીલ્લાપર સવાઈ માધવરાવ પેશવાનો જન્મ થયો હતો. આ કિલ્લાપર હવા થંડી હોવાથી યુરોપીયન લોકો તથા શ્રીમંત લોકો ઉન્હા-

ળામાં હવા ખાવા જાય છે. ત્યા અંગ્રેજ સરકારની ફોજ પણ રહે છે અને કેમ્પ પણ જાય છે. રાજેવાડીના અંજીર વખણાય છે.

પોસ્ટ ઑફીસો--સાસવડ, પુરંધર, જેજુરી તથા સ્વતંત્ર ઑફીસો વાલ્હે, પરીંચે, ગરાડે, માળશિરસ વીગેરે બ્રંચ ઑફીસો છે.

વેપાર અને તેના માર્ગ.

વેપાર--કોઈ પણ દેશના લોકોને જોઇતી બધી જણસો તેજ દેશમાં થતી નથી. માટે દરેક દેશના લોકોને થોડી જણસો પરદેશમાંથી મંગાવવી પડે છે. તેમજ આપણા દેશની થએલી જણસો બીજા દેશમાં પણ જાય છે. એજ તે દેશનો વેપાર કહેવાય. માલ વેચવો અને લેવો અને તે ઉપર નફો મેળવવો તેને વેપાર કહે છે.

પુના જીલ્હામાંથી બહાર જવાવાળો માલ--ફળો, ભાજીપાલો વાસણ, ગોળ, અનાજ, બટાટા, મરચા વીગેરે.

પરદેશમાંથી આવવાવાળો માલ--સાકર, સાબુ, કપડુ, મશીનરી, કાગળ, સ્ટેશનરી, દવાઓ, પેટ્રોલ, મોટરકાર વીગેરે.

રસ્તાઓ.

દળણ-વળણના માર્ગ—પુના જીલ્હામાં રેલ્વેના ૪ ચાર રસ્તા, મોટર અને બેલગાડીના મોટા રસ્તા ૬ અને મધ્યમ લોકલબોર્ડ વીગેરેના રસ્તાઓ પચીસ છે.

આગગાડીનો રસ્તો--ધી ગ્રેટ ઇંડીયન પેનિન્સુલા રેલ્વે આ રેલ્વેના બે ફાટા (રસ્તા) આ જીલ્હામાં છે. પુના-મુંબઈ રસ્તો—પુનાથી ખડકી, ચીંચવડ, તળેગાંમ, લોનાવળા, ખંડાળાના ઘાટમાંથી કલ્યાણ, ઠાણા થઈ મુંબઇ જાય છે.

પુના-સોલાપુર રસ્તો—આ રસ્તાના સ્ટેશનો પુના, હડપસર, લોણી, ઉરળી, કેવત અને દોંડથઇ સોલાપુર જાય છે.

મદ્રાસ એન્ડ સદર્ન મરાઠા રેલ્વે—આ રસ્તાના સ્ટેસનો પુના, ઘોરપડી, કુરસંગી, જેજુરી, નિરા, કોરેગાંવ થઇ બેલગાંમ તરફ જાય છે.

દૌંડ-મનમાડ રેલ્વે રસ્તો—આ દૌંડથી નીકળી અહમદનગર ઉપરથી મનમાડસુધી જાય છે. મદ્રાસ તથા કલકત્તા તરફ જનાર રસ્તાને જોડે છે.

સડકના પાકા રસ્તાઓ.

પુના,-પનવેલ રસ્તો—પુના, ખડકી, વડગાંમ, લોણાવળે અને ખંડાળાગાંમોપરથી બોરઘાટમાંથી પનવેલી તરફ જાય છે.

પુનાથી સતારા રસ્તો—પુના, કાત્રજ, શિવાપુર આ ગાંમો પરથી સતારે જાય છે.

પુનાથી સોલાપુર રસ્તો—પુના, હડપસર, લોણી. પાટસ અને ઇંદાપુર આ ગાંમોપરથી સોલાપુર તરફ જાય છે.

પુનાથી નાશિક રસ્તો—પુના, ખડકી, ચાકણ. ખેડ, મંચર નારાયણગાંમ, પીંપળવંડી આ ગાંમોઉપરથી નાશિક તરફ જાય છે.

નારાયણગાંમથી એક રસ્તો જુન્નર સુધી જાય છે.

પુના-અહમદનગર રસ્તો—પુના, કોરેગાંવ, શીકરાપુર ઘોડનદી થઈ અહમદનગર તરફ જાય છે.

નગર-બેલગાંમ રસ્તો—ઘોડનદી, કેડગાંવ, મોરગાંવ આ ગાંમ પરથી બેલગાંમ તરફ જાય છે.

લોકલ બોર્ડના રસ્તાઓ—૧ જુન્નરથી સતારા રસ્તો. ૨ શીરૂરથી સતારા રસ્તો. ૩ સાસવડથી ઇંદાપુર રસ્તો. ૪ વડગાંમથી શીક્રાપુરનો રસ્તો. ૫ ખેડથી શીરૂરનો રસ્તો. ૬ ખેડથી ભીમાસંકરનો રસ્તો. ૭ મંચરથી આંબેગાંમનો રસ્તો. ૮ કલ્યાણથી અહમદનગરનો રસ્તો. ૯ જુન્નરથી ઓતુર રસ્તો. ૧૦ જુન્નરથી ડીંગોરેનો રસ્તો. ૧૧ જુન્નરથી ઘાટગરનો રસ્તો. ૧૨ પુનાથી પૌડનો રસ્તો. ૧૩ પુનાથી આળંદીનો રસ્તો. ૧૪ પુનાથી સીંહગઢનો રસ્તો. ૧૫ ડીકસાળથી બારામતીનો રસ્તો. ૧૬ સાસવડથી કાપુરવહાળનો રસ્તો. એ વગર બાકીના સ્ટેશનના પાસેથી ગાડીઓ જવા સારૂ રસ્તાઓ કરેલા છે.

ઘાટ—બોરઘાટ ખંડાળાપાસે, માળશિરસઘાટ જુન્નર પાસે ભીમાસંકરનો ઘાટ ભિમાસંકર પાસે, બાબદેવ ઘાટ ભિવરી પાસે, નાણે ઘાટ જુન્નરપાસે પશ્ચિમે છે. શિવાય પેંઠ, કેંદુર, પેખરી દિવા કાત્રજ એ ઘાટો તેજ નામના ગાંમો પાસે છે.

ભોર સંસ્થાન.

—:o:—

પુના જીલ્હાના નૈર્ઋત્ય ભાગમાં ભોર નામનું સંસ્થાન છે. એમાં પંતસચિવ નામના બ્રાહ્મણ રાજ્ય કરે છે, અને તે પુના જીલ્હાના કલેકટરના દેખરેખ નીચે છે. શિવાજી રાજાના રાજ્યવ્યવસ્થાના અષ્ટપ્રધાનો નેમેલા હતા, તેમાં પંત સચીવ એ એક હતા. સારા કામમાં બહાદુરી જોઈ રાજારામ મહારાજે જહાગિરીમાંજે મુલુખ આપ્યો તેને હાલ ભોર સંસ્થાન કહે છે.ભોર સંસ્થાનનું ક્ષેત્રફળ૧૫૦૦ ચોરસ માઈલ છે. લોકસંખ્યા આસરે ૧૨૫૦૦૦ છે. આ સંસ્થાનનો ઘણો ભાગ ડુંગરવાળો છે. તેમાં પ્રદેશ સાતારા, પુના અને કુલાબા આ ત્રણ જીલ્લાના વચમાં છે. પુના જીલ્લાના હદમાં જે પ્રદેશ છે તેનો થોડો ભાગ માવળ તાલુકાની દક્ષિણે છે, થોડો ભાગ હવેલી તાલુકાના દક્ષિણે છે, અને થોડો ભાગ પુરંધરને પશ્ચિમે છે. આ ત્રણ ભાગ-ત્રણ તાલુકા-નીચે પ્રમાણે છે.

કીલ્લા--પ્રચંડગડ, પવનંમાળ, રાજગડ, તીકોના-તોરણા.

ગાંમ--વેલેબુદરૂક, કોળવણ, નસરાપુર.

દરેક તાલુકામાં મામલેદાર, ફોજદાર, સબરજીસ્ટર એવા કામદારો છે. કોળવણમાં દર અઠવાડીએ બજાર ભરાય છે. પીરંગુટ ગણપતીનું મહાસ્થાન છે. ત્યાં મુનસફ રહે છે. માગસર માસમાં મોઠી જાત્રા ભરાય છે. ભોર નજીક ભાડગરનુ તળાવ બહુ મોટુ જોવા લાયક છે. આ સંસ્થાનમાં સહ્યાદ્રી અને તેના ભાગો પસરેલા હોવાથી ડુંગરવાળો ભાગ વધુ છે.

નદીઓ--મુઠા અને નીરા મુખ્ય નદીઓ છે.

મોટા ગાંમ--ભોર ગામમાં પંત-સચિવનો રાજવાડો જોવા લાયક છે. અહીંઆ રામનવમીનો મોઠો ઉત્સવ થાય છે. શીવાય ઊરવડે, ઓવળે, આપગાંમ, વાઘેશ્વર, શીરવળ અને નસરાપુર.

દેવસ્થાનો—વાઘેશ્વરમાં શિવાલયનું મંદીર છે. બનેશ્વર રમ્ય દેવસ્થાન. તોરણા કીલ્લાપર વિઠોબાનું મંદીર છે. ઉદરેશ્વર જુનું મહાદેવનું મંદીર છે તથા નીલોત્પલ કમળ ઘણા થાય છે.

પાક—આ સંસ્થાનમાં વરસાદ વધારે પડે છે. પાક અંબા-મોહુર ચોખા, ઘઉં, ચણા, જુવાર, ભાત, નાગલી, હીરડા, સાગવાની લાકડાં, શાક-ભાજી વીગેરે ઉપજ પાંચ પીકની છે. આ સંસ્થાનમાં આસરે ત્રીસ નીશાળો છે.

મહારાષ્ટ્ર-વિભાગ.

મરાઠા લોકો પોતાના દેશને મહારાષ્ટ્ર કહે છે. આ દેશ મધ્ય વિભાગમાં આવેલો છે, તેથી (સેંટ્રલ ડીવીજન કહે છે). આ વિભાગના કમીશ્નરસાહેબ પુનામાં રહે છે. તેમના હુદ નિચેના મુલકના સાત જીલ્લાઓ પાડવામાં આવ્યા છે. દરેક જીલ્લાપર કલેકટર અમલ (હુકમ) ચલાવે છે. જીલ્લાઓ નીચે મુજબ છે.

૧ પૂર્વ ખાનદેશ અથવા જળગાંમ. ૨ પશ્ચિમ ખાનદેશ અથવા ધુળીઆ. ૩ નાસિક. ૪ અહુમદનગર. ૫ પુના. ૬ સતારા ૭ શોલાપુર.

આ વિભાગમાં થોડીક નાની જહાગીરો છે, તેમાં પંત સચિવનું ભોર, નિંબાળકરનું ફલટણ, પંત પ્રતિનિધીની ઔંધ તથા અક્કલકોટની જાહગીરો મુખ્ય છે.

દક્ષિણુ વિભાગ—૧ બેલગાંમ ૨ ધારવાડ ૩ વિજાપુર ૪ કારવાર ૫ રત્નાગીરી. ૬ કોલાબા. આ જીલ્લાઓપર કલેકટર અમલ ચલાવે છે આ વિભાગમાં કોલ્હાપુર અને સાવંતવાડી વીગેરે સંસ્થાનો છે.

કોલ્હાપુરના રાજકર્તા મરાઠી રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજીના વંશના છે. જંજીરા ને સાવનુર મુસલમાન રાજકર્તાનાં તાબામાં છે, શિવાય સાંગલી, જમખંડી, મિરજ અને કુરૂંદવાડમાં પટવર્ધન ઘરાણાની જાગીરી છે. રામદુર્ગમાં ભાવેની તથા મુધોળમાં ઘોરપડેની જાગીરી છે.

હવા ખાવાના ઠિકાણો-મહાબળેશ્વર, પંચગની અને માથેરાન.

પવિત્ર દેવસ્થાનો—નાસિક રામચંદ્રજી વનવાસ ગયા હતા ત્યારે પંચવટી નામની જગામાં રહ્યા હતાં. થોડા માઇલ દુર ત્રંબકેશ્વર નામે શિવનું મંદીર છે.

પંઢરપુર—શ્રી વિઠોબાનું મંદીર પ્રખ્યાત છે. મોઠી જાત્રા ભરાય છે.

કોલ્હાપુર પાસે નેજકુંભોજ—જૈનોનું પવિત્ર તીર્થ. ડુંગર ઉપર આવેલું છે. નરસોબાની વાડી–દત્તાત્રયનું મંદીર જોવા લાયક છે.

મુંબઈ ઈલાકો યાદીરૂપ.

આપણા ઈલાકાનું નામ મુંબાઈ ઈલાકો. ગવર્નરસાહેબ આખા મુંબઈ ઈલાકાપર અમલ ચલાવે છે. તેવન મુંબઇ શહેરમાં રહે છે. ઉનાળામાં મહાબળેશ્વર અને ચોમાસામાં પુનામાં રહે છે.

દેશી રાજ્યો—વડોદરાને પશ્ચિમ હીંદ એજંસી, સીંધમાં ખેરપુર. ઉત્તર વિભાગમાં મહીકાંઠા, રેવાકાંઠા અને સુરત એજન્સીના રાજ્યો.

પર્વતો—સહ્યાદ્રી, હાલા, આબુ, ગિરનાર, વિંધ્યાંચળ ને સાતપુડા.

નદીઓ—સિંધુ, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા.

તીર્થ સ્થળો—દ્વારકા, સોમનાથ, પાટણ, શ્રી અંબાજી, ડાકોર સિદ્ધપુર, બહુચરાજી વીગેરે.

જૈનોના—પાલીતાણા, આબુજી, ગિરનાર, તારંગાજી વીગેરે.

પારસીઓના—ઉદવાડા.

મુસલમાનોના—મીરા દાતાર, સુરતમાં વહોરા કોમના ધર્મ ગુરૂ રહે છે.

સેંકડો માઈલ લાંબી પહોળી નદીઓ, ઝાડી, મોટા જંગલો, પર્વતો, નાના મોટા ડુંગરાઓ. દડદડ વહેતા નીર્મળ પાણીના ઝરણો. તરેહવાર જાતની વનસ્પતી, તરેહતરેહના ફૂલ ફળો બગીચાના રમણીય દેખાવો વીગેરે અસંખ્ય જોવાલાયક વસ્તુઓ પરમેશ્વરે આ દુનીઆમાં પેદા કરેલી છે. તેનો લાભ આપણે બધા લઈએ છીએ. તરેહતરેહના જનાવરો, પંખીઓ અને માણસો અને આપણુને પેદા કરનાર દયાળુ પરમેશ્વરજ છે. માટે તેની બંદગી કરો અને સરવે જનાવરો, પંખીઓ અને અપંગ માણસોઉપર રહેમ (દયા) કરો અને પાળીને રક્ષણ કરો એટલે પરમેશ્વર તમારૂ ભલુ કરસેજ.

આપણા દેશ હીંદુસ્થાનપર અંગ્રેજ સરકાર રાજ્ય કરે છે તેમનો મુલક લંડન શહેર દુન્યામાં ચઢીઆતુ શહેર છે. તે અહીંથી ઘણો દુર છે. અંગ્રેજી રાજ્યના રાજા પાંચમા જ્યોર્જ છે. તે હીંદુસ્થાનમાં શહેનશાહ કહેવાય છે. શહેનશાહ તરફથી હીંદુસ્થાનનું રાજ્ય ચલાવવા માટે વૉઈસરોય નામના મુખ્ય અંમલદારને મોકલવામાં આવે છે,. તેમને ગવર્નર જનરલ પણ કહે છે. તેઓ સાહેબ દિલ્હીમાં રહી આખા હીંદુસ્થાનપર અંમલ ચલાવે છે ઉનાળાની રૂતુમાં તેમના મુકામ હિમાલયપર આવેલા સિમલામાં હોય છે.

સવાલો--આપણા શહેનશાહનું નામ શું?

પુના કેવા ઈલાકામાં ગણાય.

ઉનાળામાં ગવર્નર સાહેબ કયા રહે છે?

કાગળની ગીરની કયાં ગાંમમાં છે?

પુનામાં કઈ ઈસપીતાળ મોઠી છે?

મ્યુનિસિપાલિટીનો કારભારપર દેખરેખ કોણી હોય છે?

કેન્ટોંનમેન્ટ બોર્ડનું કામ શું તે કહી બતાવો

મુંબઈ જવું હોય તો કેવી લાઈનમાં બેસવું?

બેલગાંમ કઈ લાઈનમાં છે?

સાકરનું કારખાનું કયાં ગામમાં છે?

કમીશનર સાહેબ કયાં ગાંમમાં રહે છે?

પર્વતીનું મંદીર કોણે બંધાવ્યું?

શિવાજીનો જન્મ કયાં કીલ્લામાં થયો?

નળનું પાણી કયાંથી આવે છે?

હવા ખાવાના ગાંમ કહો.

ખડકીમાં કારખાનું શાનુ છે?

ખંડાળામાં હવા ખાવા કેમ જાય છે?

કોરેગાંમમાં જયસ્તંભ કોનો છે?

ગણેસ ખીંડમાં કોણો બંગલો છે?

મુદ્રક—ગણેશ કાશીનાથ ગોખલે, સેક્રેટરી, "શ્રી ગણેશ પ્રિંટિંગ વર્કસ" ૪૯૫-૯૬ શનવાર પેઠ, પુના નં. ૨.

પ્રકાશક—પ્રેમચંદ અમુલખદાસ શાહા, બુકસેલર એન્ડ પબ્લીશર્સ, પુના.